નથી.) ચાલ્યો જાય છે તેમ મહેનતનું મન પોતાનું કામ નિર્ભયપણે કરે જાય છે." પ્લુટાર્ક કહે છે કે, "ડાહ્યો માણસ ભવિષ્ય ઉપર આધાર રાખતો નથી. તે કેટલુંક કામ પોતાની સ્ત્રીને, કેટલુંક પોતાના ચાકરને અને મિત્રોને સોંપે છે, અને પોતે યોગ્ય ને જરૂરી કામના વિચારમાં રોકાય છે. તોલનશક્તિનું ફળ તે ડહાપણ છે, અને તોલનશક્તિ એ મનની શક્તિ છે. તે પરમેશ્વરે અમુક જ્ઞાન મેળવવાને આપેલી છે, તે વડે માણસ ખરૂં ખોટું પારખી શકે છે. તોલનશક્તિ એ કાંઇ કુદરતથી આવતી નથી, પણ મહાવરાથી ને કેળવણીથી મેળવી શકાય છે. વ્યાપાર કરવાની ઉમ્મર અને વખત જાણવામાં, પંતીઆળા વ્યાપારમાં, વગેરેમાં તોલનશક્તિ કામ આવે છે. વ્યાપાર કરવામાં જોઇતી મુડી વગર વ્યાપારમાં પડવું એ ડહાપણ નથી. અને જુવાન માણસે નાનપણમાં પોતાને જોઇતી મુડી મેળવવાને પોતાના મિત્રોની બાંહેધરીથી પૈસા વ્યાજે લેવા એ પણ ડહાપણ નથી. જો યોગ્ય ઉમ્મરે ધંધાની કેળવણી લીધા પછી વ્યાપારમાં જોઇતાં નાણાં કોઇ મિત્ર અપાવે તો વ્યાપાર કરવો કે નહિ એ બન્ને તરફનો વિચાર કરતાં કેમ કરવું એ તેને પ્રથમ મળેલી ધંધાની કેળવણી અને જ્ઞાન ઉપર આધાર રાખે છે. કેટલીકવાર ચાળીશ વરસનાં માણસ કરતા ત્રીશ વરસનું માણસ વધારે જ્ઞાન ધરાવે છે. અનુભવ એ જ્ઞાન મેળવવાનુ સાધન છે: એટલે વ્યાપારમાં જ્ઞાન એ જરૂરનું છે. જ્ઞાનવાળો માણસ કારણ જોઇને ચાલે છે, અને જ્ઞાન વગરનો અનુભવથી દોરાય છે. ભાગમાં વ્યાપાર કરવો એ ડહાપણ છે કે નહિ, તે કામ ઉપર અને બન્ને માણસની સ્થિતિ ઉપર આધાર રાખે છે. જ્યાં બન્ને ભાગીદારોને જુદું જુદું કામ હોય અથવા તેઓ બન્ને કામ પ્રસંગે જુદે જુદે પ્રસંગે જુદે જુદે ઠેકાણે રહેતા હોય તો તેમાં કેટલુંક ડહાપણ છે. એક માણસના પૈસા હોય અને બીજાનું જ્ઞાન, સારી ચાલ, અને મહેનત હોય એવા ભાગીદારના વ્યાપારમાં ડહાપણ છે. પણ બન્ને ભાગીદારો દરેક કામમાં સાથે રહેતા હોય, એક બીજા ઉપર દેખરેખ રાખતા હોય, એવું ભાગીદારાપણું કરવું એ ડહાપણ નથી. તેમજ લોભી માણસ સાથે ક્રોધ માણસ સાથે, હઠીલા અને દ્વેષી માણસ સાથે ભાગીદારી કરવી એ ડહાપણ નથી. સાધારણ રીતે કહીએ તો જો કામ એકલાથી ચલાવી શકાય તેમાં બીજાને ભાગીદાર કરવો એ ડહાપણ નથી. એક પ્રખ્યાત વ્યાપારી કહે છે કે, "અમે તેટલી સંભાળ રાખતાં છતાં પણ ભાગીદાર ઉપરના વિશ્વાસની હદ નથી. માટે કોઇને ભાગી

માણસોથી મેળવાય તેટલું ધન મેળવીને તેનો આપણી પાસે સંગ્રહ કરી રાખવો, એ આપણો કુદરતી હક છે કે નહિ, તે શક પડતું છે. માણસની સુધરેલી સ્થિતિમાં કમાવાના અને સંગ્રહ કરવાના હક ઉપર અમુક હદ અને બંધી હોય છે. માણસની મૂળ સ્થિતિ વખતે એવો ધારો હશે કે જેને શક્તિ હોય તે લે અને શક્તિ હોય તે રાખે. પણ વસ્તી વધ્યા પછી એવો ધારો ચાલે નહિ. બળવાનાને ભાગના ધારાથી દેશમાં અંધેર થઈ જાય તેથી માણસોએ પોતાની પાસે જે હોય તેની સલામતી માટે ગમે તે રીતે ધન સંપાદન કરવાના પોતાના હકની અમુક ધારાથી હદ બાંધી. એ હદ બાંધવાના ધારા તે દેશ કાયદા. તેમજ માણસના કમાવાના અને સંગ્રહ કરવાના હક ઉપર પરમાત્માએ પણ કેટલુંક દબાણ કે બંધન મુકેલું સમજાય છે. એ હક ભોગવવામાં તેની કેટલી મર્યાદા હશે તે માલમ પડે છે. પરમેશ્વરની એ મર્યાદાના ધારા તે કુદરતી ધારા. એ ધારા વગર માણસ આ જન્મની મુસાફરીમાં સુખી થઈ શકે નહિ. માણસના મનનું વલણ ખરાં કામ કરવા તરફ ફેરવાને કુદરતી કાયદા કે દેશ કાયદાનું વજન બસ થતું નથી. સાધારણ બાબતો માટે કાયદા હોતા નથી, તેમ જે હોય છે તેનું વજન ઘણા લોકોના મન ઉપર પડતું નથી. જ્યારે રાજ્યકાયદાનું આવું, ત્યારે કુદરતી કાયદા નબળા પડે તેમાં નવાઈ નથી; અને તેથી એવા લોકોને કબજે રાખવાને તેમના મન ઉપર ત્રીજું દબાણ કરવું પડે. આ દબાણ તે લોકલાજ કે દુનીઆદારીનો ભય છે. આ ઉપરથી માલમ પડશે કે, માણસને પોતાથી બની શકે તેટલા પૈસા કમાવાનો હક અને ફરજ છે ખરી; પણ તેમ કરવામાં તેને દેશના કાયદા, કુદરતી ધારા અને લોકલાજને સંભાળવાં જોઈએ.

દેશ કાયદા.

એક માણસે કે ઘણા માણસોએ મળીને દેશના લોકોને ચાલવાને જે ધારા બાંધેલા હોય છે તેને દેશ કાયદા કહે છે. એ કાયદામાં દુનીઆમાં માણસે બીજા સાથે કેમ ચાલવું તે જણાવેલું હોય છે. એ કાયદા તોડનારને સજા થાય છે. એ સજા કરનાર રાજા કે તેના અમલદાર હોય છે. એ રાજા કે અમલદાર સ્વાભાવિક રીતે જેવા કે બીજા માણસો જેવા હોય છે. પણ લોકોએ પોતાના સુખને માટે તેમને સત્તા આપેલી હોય છે; અને તેથી જ તેઓ માણસોને વર્તવા માટેના ધારા ઘડે છે, અને તે પ્રમાણે ચા...

પૈસા શા માટે કમાવા?

यद्ददासी विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने ।
तत्ते वित्तमहं मन्ये शेषं कस्यापि रक्षसि ॥

જે ધન દિન દિન ભોગવ્યું, અર્પ્યું પંડિત રાજ;
તે ધન ત્હારૂં ધારજે, શેષ સંચ્યું કો કાજ.

મનુષ્ય ઉદ્યોગ કરી પ્રમાણિકપણાથી પૈસા એકઠા કરે છે તે શા માટે? પૈસા દાટી મુકવા કે ઘણા નોકરો પોતાની સેવામાં રાખી ડંભ બતાવવા નહિ, પરંતુ મનુષ્યની સ્વતંત્રપણાની અમૂલ્ય બક્ષિસ મેળવવા માટે છે. માબાપોનું, બાઇ બાંડુઓનું અને જેની સંભાળ લેનાર ન હોય એવા અશક્ત સગાંવહાલાંઓનું ભરણ પોષણ કરવું એ કમાઉ માણસની ફરજ છે. તેમજ અશક્ત અને અપંગ ભિખારીઓ ઉપર દયા કરવી એ પણ તેવા માણસનો ધર્મ છે! પણ એ ધર્મ અને ફરજ બજાવવાને તેણે પોતાના ખર્ચ કરતાં વધારે કમાવું જોઇએ. આ ઉપરથી માલમ પડશે કે માણસે પોતાને જરૂર જોઇતું કમાવું જોઇએ એમ નથી. પરમેશ્વરે માણસને મહેનત કરવા હાથ, મન અને વિચાર કરવાને સમજશક્તિ આપેલાં છે, તે ઉપરથી માલમ પડે છે કે, માણસ મહેનત કરીને કમાય અને પોતાના ખર્ચ ઉપરાંતની કમાઇ જુદાએ [illegible]. પણ એ ઉપરથી હું એમ નથી કહેતો કે જે માણસો વધારે કમાય તેના પાસથી બીજાઓએ લઇ લેવું જોઇએ [illegible] ન માણસો સાથે એકજ કારખાનામાં સરખો વખત કામ [illegible] કમાતા હોય [illegible] એક જણ બીજા કરતાં વધારે કમાય [illegible] થોડું કમાય [illegible] એ બન્ને ઉપર અશક્ત [illegible] સરખો [illegible] છે. બન્ને હીડી મહેનત [illegible] કમાય છે, ન તેના પાસે વધારે પૈસા નથી [illegible] મદદ કરવાની [illegible] ફરજ ઓછી થતી નથી. તેમજ [illegible] માણસ પોતાને જરૂર કરતાં વધારે કમાઇને [illegible] વાપરવા પોતાની પાસે [illegible] તેના કાયા તરફની તેની ફરજ [illegible] ઉપયોગ કરે [illegible] માણસ [illegible] પ્રમાણે [illegible] માલિક [illegible] અને [illegible] બનાવે તો [illegible] તેનો [illegible] ઉપયોગ કરે. [illegible]

અવશ્ય પડે. આપેલું વચન પાળવા વિષે કુદરતની મારફ બનાવનારું કામ કરે છે કે, "વચન લેનાર માણસ વચન દેનાર પાસેથી જેટલું કામ લેવું જોઈએ તેટલું લે છે, તેજપ્રમાણે વચન દેનાર પણ જાણે છે કે વચન લેનાર માણસ મારી પાસેથી ઘણુંજ લેવાને ઇચ્છે છે." તો તેવું કામ કરવું એ વચન પાળવામાં અગત્યનું છે. આ નિયમ ઉપરથી નીકળેલા બે ધારા પાળવા વ્યાપારમાં ઘણીજ અગત્યના છે. તેમાં પહેલો એ છે કે, માલ વેચનાર પોતાના વેચવાના માલમાં શી ખામી છે તે અંતઃકરણ પૂર્વક પ્રથમ ખરીદનારને કહેવાને બંધાયેલો છે. ખરીદનાર અમુક જાતનો અને અમુક ગુણવાળો માલ લેવાને દુકાને જાય છે. દુકાનદાર પણ જાણે છે કે, તેને આવી જાતનો માલ જોઈએ છીએ. તે ઉપરથી તેવો માલ આપવાને તે ઉપલા નિયમ પ્રમાણે બંધાયેલો હોય છે; અને જેમ માલ ન હોય તો તેની ખામી ખરીદનારને જણાવવાને બંધાયેલો હોય છે. માટે જો તે દુકાનદાર તેમ ન કરતાં પોતાના માલનાં વખાણ કરી, ખરું જુઠું બોલી, માલ વેચે તો તેજ ઠગાઈ કરી કહેવાય. તેમજ જો કોઈ પોતાના માલની વાજબી રીતે જેટલી કિંમત મેળવી શકે, તે કરતાં વધારે કિંમત લે અને એ રીતે ખરીદનારના મનમાં અવિશ્વાસ ઉત્પન્ન કરે તો તે પણ ઠગાઈજ કહેવાય. આ ખરેખર અને સદગુણોને અનુસરવા જેવો ધારો છે, તથા તે ખરીદનારને અને વેચનારને સરખો લાગુ પડે છે.

વ્યાપારમાં છેતરપ—નુકસાન.

વ્યાપારમાં ઉપલો નિયમ તોડવાની શરૂઆત થવાનાં અને ઘણા મનુષ્યો છેતરવાની ફરીઆદ કરે છે તેના બે કારણ છે. તેમાં પહેલું કારણ વ્યાપારીમાં પ્રામાણિકપણાની ખામી અને બીજું કારણ ગ્રાહકમાં પ્રમાણિકપણાની ખામી. ગ્રાહક પોતાના અજ્ઞાન લીધે સારો માલ ખરીદ કરતા નથી તેથી તે સસ્તો લેવાને ઇચ્છે છે. એવા માણસોને છેતરવું કે ખોટ ખમવી એ નક્કીજ છે. ગ્રાહક વ્યાપારીની દુકાનમાં જઈ માલની કિંમત પુછે છે, ને પછી પોતાની અક્કલ અને કિંમતે માગણી કરે છે એટલે વ્યાપારી તેવાજ તેટલી કિંમતનો માલ લાવી આપે છે અને ગ્રાહક ફસાયો માનીને માલ લઈ જાય છે પણ જ્યારે ખરી વાત જાણે છે ત્યારે વ્યાપારીએ છેતર્યા એવી બૂમ મારે છે. પણ તે છેતરપ શી કહેવાય? એકજ કિંમતના કહેવાના ને કહેવડાવવાના ધારાને વળગી રહેવું ઘણું સારું છે. એથી વખત અને મહેનત બન્ને બચે છે.

બીજો ધારો એ છે કે, માલ વેચનાર પોતાના માલની જે કિંમત માગે અથવા લે, તે બજાર ભાવ પ્રમાણે હોવી જોઇએ. કેમકે જ્યાં એકતા કે સંપ નથી ત્યાં બજાર ભાવ હમેશાં વ્યાજબી હોય છે. કેમકે એ ભાવ માલની છત અને ખપતના પ્રમાણમાં હોય છે. જે માણસ દુકાન ઉઘાડીને કે બજારમાં બેસીને પોતાનો માલ વેચે છે, તે માણસ બજાર ભાવે જ વેચતો હશે એમ મો ખરીદનાર જાણે છે; અને તેના ઉપર વિશ્વાસ રાખીને જ ખરીદનાર તેની દુકાને આવે છે. જેમ ખરીદનાર જાણે છે કે વેચનાર બજાર ભાવે પોતાનો માલ વેચતો હશે તેમ વેચનાર પણ જાણે છે કે હું બજાર ભાવે જ મારો માલ વેચું છું, એવું માનીને જ ખરીદનાર મારી દુકાને આવે છે. એટલે ઉપર કહેલા ધારા મુજબ જો કે તેમની વચ્ચે બોલાચાલીની કાંઈ પણ સરત થતી નથી, તોપણ બને જણાએ તેવી સરત થઈ હોય એમ માનીને તે મુજબ ચાલવું જોઇએ. અને એ પરસ્પર મનાએલી સરત જો કોઈ તોડે તો તેણે દગો કર્યો કહેવાય.

ઉપલા ધારાના સંબંધમાં જુદા જુદા માણસો જુદી જુદી રીતે શક અને પ્રશ્ન ઉઠાવે છે, અને તેના જુદા જુદા વિદ્વાનો જુદી જુદી રીતે નિવેડો લાવે છે, તે બધુ અહિં કહેવાની કાંઇ જરૂર નથી. પણ એ ધારાના સબંધમાં એક વાત જુના વખતથી ચાલતી આવેલી છે, અને તે બાબત આજ સુધીના નીતિ વિષે લખનારા ઘણું કરીને સઘળા લેખકોએ ચરચી છે તેથી એ વાત આ ઠેકાણે કહેવી જોઇએ. પ્રાચીન કાળમાં **અલેક્ઝાંડ્રિયાનો** એક અનાજનો વ્યાપારી અનાજની અછતના વખતમાં અનાજના વહાણ ભરી **રોડસ** બેટમાં આવ્યો. **અલેક્ઝાંડ્રિયાથી** બીજા અનાજના ઘણા વહાણ **રોડ્સ** આવતાં હતા, તે તેના જાણવામાં આવ્યા હતા તેને પાછળ મૂકી એ આગળ આવી [illegible] હતો એ વાત તે વ્યાપારી અનાજ ખરીદનારને કહેવાને નીતિમાં રીતે બંધાએલો હતો કે નહિ? **સિસિરો** કહે છે કે એ બંધાએલો હતો. **ચાન્સલરકેંટ** પણ તેમજ કહે છે. ડાક્ટર [illegible] પણ એ બાબત લંબાણથી વિવેચન કરી એજ નિવેડો [illegible] છે તે કહે છે કે, દરેક માણસ માલની કિંમત પુછનારને માલની બજારમાં કિંમત પુછે છે એમ જાણવું જોઇએ. માલની કિંમત બજારના ભાવ પ્રમાણે હોવી જોઇએ. વળી ડાક્ટર **ટપુક** [illegible] એ કહે છે કે ધારો કે **રોડસમાં** દુકાળ ચાલતો હોય, [illegible] તેની [illegible] બીજો માલ થોડી મુદતમાં

આવવાનો છે, ને વાત પોતાને માલુમ નહિ હોવાથી પોતાની મહેનત જોખમ સિવાય તે વ્યાપારીને આપી અનાજ ખરીદે અને વ્યાપારી તે સેંઘો લેતો રહે તો તે માણસને કેવો કહેવો ? તેને લોભી, નિર્દય, કપટી, અને મુડ્ડો કહેવો. પણ તે બાબત મારો વિચાર જુદો છે. બજારનો ભાવ ઉપજ અને ખપત ઉપર હોય છે, અને તે વખતનો વખત કહેતો રહે છે. ઉપર કહેલો વ્યાપારી અનાજ લાવ્યો તે વખતે બજારમાં અનાજ નહોતું, અને ખરીદ કરનાર ઘણા હતા. માટે થોડા દિવસ પછી જે ભાવ થશે તે ભાવ ઉપર નજર રાખવાની તે વ્યાપારીને જરૂર નથી. ખરેખર તો તે વખતે જે બજાર ભાવ હોય તે ભાવે એ પોતાનો માલ વેચે, તેમાં કાંઈ ખોટું નથી. દુકાળનો દાખલો એ વ્યાપારીને લાગુ પડતો નથી; કેમકે માલની તંગી તે દુકાળ કહેવાય નહિ. દુકાળના વખતમાં કે ભુખે મરવાની દહેશતમાં તો તે માલધણીની રજા સિવાય કે કાંઈ પણ પૈસા આપ્યા સિવાય અનાજ લેઈ શકે. એટલે દુકાળની વાત આ વ્યાપારીને લાગુ પડતી નથી. અને હવે પછી બીજાં વહાણ આવશે, ત્યારે બજાર ભાવ ઘટી જશે એવા, ઉપરના દાખલા જેવા તેની વિરૂદ્ધના દાખલા પણ ઘણા આપી શકાય. ધારો કે તે વ્યાપારી પાસે રોકડ નથી, તેના ઉપર હુકમનામું થયું છે, અને તે હુકમનામું બજાવવાને થોડા કલાકમાં સરકારી બેલીફ આવનાર છે અને તે અરસામાં તે પોતાની મરજી મુજબ ભાર ભાર અનાજ લીલામ કરનાર છે. આ વાત તે વ્યાપારીને માલુમ હોવાથી, તે હુકમનામું બજાવવાને બેલીફ આવતાં પહેલાં પોતાનું અનાજ વેચી નાંખે, તો તે વખતે ખરીદનારને પોતાની ઉપર આવવાની આફત અગાઉથી જણાવવાને તે વ્યાપારી અગાઉથી બંધાએલો છે ? ના, નહિજ ! કેટલાક મનુષ્યો આ બાબતમાં એથી ઉલટા વિચારના હશે, પણ આ જણોએ યાદ રાખવું કે, વ્યાપારી કાર્ય એ કુદરતી નથી. માણસે પોતાનું સુખ વધારવાને અને પોતાના મનને આરામ આપવાને તે ઉપજાવેલું છે, માટે તેને લાગતા ધારા. કુદરતી ધારાને અડચણ ન આવે એવી રીતે કરવાને તેમને મરજી છે. ધંધો કરવાને હોંશ થાય. એવા ધારા કરવામાં ડહાપણ છે. કોઈ માણસ દીવાળું કહાડે અને નાદારોના કોર્ટના તેનો છુટકારો થાય. ને પછી જો તે પૈસા કમાય, તો તેનું જુનું દેવું આપવાને બંધાએલો છે કે નહિ ? આ એક બારીક પ્રશ્ન છે સઘળી જગોએ લાગુ પડે તેવો એક નિયમ એ માટે બાંધી શકાય નહિ. જ્યારે કોઈ દીવાળું કહાડે ત્યારે લેણદારની

આપવાની ના પાડવા જેવી છે. તે એકજ હકે અરબ્બી ઘોડાને અને બળદને જોડવા જેવી છે. જે નહિ પાળી શકાય તેવી અને નીતિના નિયમો ભંગ કરવા તરફ મનને પ્રેરનારી છે.

મરજમાં આવે તે રીતે પૈસા મેળવવાની બાબતના બંધનમાં હવે એક આબરૂ વિષે વિચાર કરવાનું બાકી રહ્યું છે તે વિચારીએ. ધારો વસ્તીમાં કે જ્યાં ધંધા ગુંચવાએલા હોય છે અને લાભ મેળવવાનું વલણ બળવત્તર હોય છે ત્યાં કાયદાની અને પ્રમાણિકપણાની નિષ્પક્ષપાતની કોર્ટ જરૂરની છે. આબરૂની કોર્ટની મતલબ આ છે. તેનાં હુકમનામાં કે કામ ચલાવવાની રીત કાયદામાં લખેલી હોતી નથી. એ કોર્ટની બેઠક કુદરત રૂપી મહાપુરૂષની છાતીમાં છે. તેની સત્તા અપાર છે. તે અગણિત જાતના પુરાવા વગરના કામમાં અને વ્યાપારી કામના વિશ્રામમાં પણ પ્રસરેલી છે આબરૂ કે વટ વગર વ્યાપાર ચાલે નહિ. ભરોસા વગર દરેક વખતે કામકાજ કરતાં દસ્તાવેજ—લખત કરવાને વ્યાપાર બંધ રાખવો પડે [illegible] સાબિત કરવાના વહેમ હોય, તે ફેલાવો જનારા લશ્કરને ખાતે [illegible] કે વિશ્વાસ વગર એકજ ટોળીથી કામ ચાલે નહિ. [illegible] ન હોય જે હજારો ગાઉ દૂર રહેતો હોય, વચમાં મહાસાગર [illegible] હોય તોપણ તેના ઉપર લાખો રૂપીઆના માલ [illegible] આવે છે તે વિશ્વાસ વગર કેમ થાય? વિશ્વાસ [illegible] નથી. તે નિશ્ચિંતપણે ઉંઘે છે ને [illegible] મોકલી હજારો રૂપીઆ [illegible] વિશ્વાસઘાતી આડતીઓ મળે છે, ત્યારે [illegible] નુકસાન થાય છે પણ વિશ્વાસથી મળતા નફા સાથે [illegible] નથી. તેમ બીજા હાથ ઉપર એવા વિશ્વાસઘાતી [illegible] થતા નથી. એવા વિશ્વાસઘાતી વ્યાપારી પ્રમાણમાં [illegible] અને તેથી જ વ્યાપારી પ્રજા એક બીજા ઉપર વિશ્વાસ રાખે છે. [illegible] વ્યાપારીઓ દર વરસે હજારો ગાઉ દૂર [illegible] લખત [illegible] પણ નહિ એવા આડતીઓ [illegible] માલ મોકલી ખપાવે છે ને [illegible] છે, અને મોટા [illegible] થાય [illegible] વ્યાપારમાં વિશ્વાસ રાખ્યાથી જ. વિશ્વાસ વગર વ્યાપારનું [illegible] સપાટાભેર ચાલે નહિ. વ્યાપારરૂપ [illegible] ને વિશ્વાસરૂપ પવનની આવશ્યકતા છે. તેથી વ્યાપારીઓમાં વટ—આબરૂ [illegible] છે. બજારમાં પણ વટ વધારનારૂં આબરૂ છે. વટ ને આબરૂ ન હોય ને માત્ર કાયદાની મહાયતાથીજ

પૈસા પાછા મેળવવા પડે એવું હોય તો, કયો વ્યાપારી પોતાની મિલકત બીજા અજાણ્યાના હાથમાં સોંપશે? ધંધાનો મુખ્ય આધાર આબરૂ ઉપર છે. માણસના બોલ ઉપર ભરોંસો રખાતો ન હોય તો પછી વ્યાપારમાં પડતી મહેનત કોણ કરત? વિશ્વાસ ન હોય તો મોટા પાયાપર વ્યાપાર ચાલત નહિ ને જનસમૂહ જંગલી અવસ્થામાં રહેત. એક સિપાઈમાં જેવી હિંમતની જરૂર છે, વકીલમાં જેવી ચતુરાઈની જરૂર છે, ને ન્યાયાધીશમાં જેવી નિષ્પક્ષપાતની જરૂર છે, તેવી વ્યાપારીઓમાં આબરૂની જરૂર છે. જ્યારે કોઈ માણસ તેને છાની રાખવાની ખાનગીમાં કહેલી વાત ઉઘાડી પાડે ત્યારે તેને તેના ઉપર વાત કહેનારે રાખેલો વિશ્વાસ તોડ્યો કહેવાય. ને કોઈ માણસ બીજાની મેરદ્વેરીશીઅરીનો, બિનગાદીનગારીનો અથવા કસબની કારીગરીનો બીજા ઉપર લાભ લે તો તેને નીતિનો કાયદો તોડ્યો કહેવાય. જો કોઈ માણસ નુકશાન ખમીને પણ પોતાનું દેવું બરાબર આપે નહિ તો તે બેઆબરૂથી વર્ત્યો કહેવાય. તેમ જ જેઓ સામા પક્ષની આબરૂ હોય તે કરતાં ઓછી બતાવે, જેઓ બીજા ખરીદનાર માટે બજારભાવ વધારવાને પ્રયત્ન કરે, જેઓ પોતાના પાડોશીઓના ગ્રાહક પોતા તરફ વાળવાને બજારભાવ કરતાં ઓછી કિંમતે વેચે, જેઓ પોતાના ઉપર ભરોંસાની રાખનારની દરકાર ન રાખે, જેઓ પોતાની ચડતીનો કોઈ હિસ્સો પોતાના કારકુન અને આશ્રિતોને ન આપે તેઓ, એટલે બરાબર વિચાર કરતા જેઓ ગ્રાહકોની નજરમાં અરવા ખરા માણસોની નજરમાં જે વર્તણૂંકથી તેઓ હલકા માલુમ પડે, ને તેમની વર્તણૂકથી વધુ વગરના કે બેઆબરૂના કહેવાય. વ્યાપારીઓ! આ નીચે કરેલી અરજ માટે હું તમારી પાસે ક્ષમા માગું છું.

જ્યારે તોફાનના દરીયાને લીધે તમારાં વહાણ, માલ સમેત દરીયાને તળીએ પહોંચે, જ્યારે બજારભાવ પડવાથી આશાભંગ થાઓ, જ્યારે દેવાળા રૂપી વિકરાળ તોફાન તમારા ઉપર તાકી રહેલો હોય છે ત્યારે વડ કે આબરૂ રૂપી લંગર મજબુત પકડી રાખજો; ને કદી છોડતા નહિ. જેમ રાજ્યના રાજાએ પોતાની માતાને લખ્યું હતું કે "આબરૂ સિવાય સર્વ ગયું છે" તેમ તમે તમારા આડતીઆઓને લખજો. વળી નક્કી જાણજો કે રાત્રિ પછી દિવસ ઉગશે, તોફાનરૂપી સકંજ હતું રહેશે, સુરજ વગેરે પ્રકાશશે, અને વાદળાં પણ જતાં રહેશે ત્યારે ખુંપો તેમને તેમ જતા ... આશાપ્રદ આપશે. વ્યાપારીઓ! પૈસા કમાઓ, પુંજી

કમાઓ !! પણ આબરૂથી કમાઓ. ધંધાની આબરૂ વધારો. એટલું યાદ રાખજો કે, તમે જેમ જેમ ધંધાની આબરૂ વધારતા જશો, તેમ તેમ પૈસા કમાવા તમને સહેલા થઇ પડશે. 'વ્યાપારમાં સાચવટ હોયજ નહિ, તેમાં તો સાચ જૂઠ કરીજ પડે,' એવા હલકા બોલ કદી બોલશો નહિ. ધંધો સાચ જૂઠ કરવાની જરૂર પાડતો નથી; પણ વ્યાપારીઓની ઇચ્છા તેમને સાચ જૂઠ કરતાં શિખવે છે. માણસનાં બેઆબરૂનાં કામ ધંધાની સ્વચ્છતા ઉપર કાળો ડાઘ પાડે છે. જેને સત્ય ઉપર વિશ્વાસ હોય તે દરેક મનુષ્ય મજબુતાઈથી સત્યતાને વળગીને ચાલે. સઘળા દગાફટકા છોડી દો. છળકપટ તજો, ને આડે અવળે રસ્તે જવાનું છોડો, એટલે ધંધાની આબરૂ વધી જાણજો. જેઓ વિશ્વાસ તોડે અને બગીમાનો ભંગ કરે, તેને ચોર પ્રમાણે ગણો. યાદ રાખો કે તમે જેવી આબરૂ બાંધશો તેવી દેશની આબરૂ બંધાશે. જો તમો દગો કરશો, વિશ્વાસ તોડશો અને વટ વગરના થશો, તો આખી દુનિયામાં તમારો દેશ પણ તેવો જ ગણાઇ જશે માટે તમારી દુકાનો, વખારો ને બજારો, આબરૂ કે [illegible] નહિ બનાવો; અને દુકાન પર એવું સાઇન બોર્ડ ચોડો કે "**આ દુકાનમાં કોઇ પણ ખરીદનારને છેતરવાનો ભય નથી.**" [illegible] મીગીયાબંદર માટે એવું કહેવાય છે કે [illegible] અને તેમના જેવા દુકાનો [illegible] નહોતા. તેવું [illegible] કરો.

પૈસા કેમ કમાવા ?

[illegible] સારી રીતે ... ગરીબ પડતી એ [illegible] શેઠોને [illegible] પણ એ જરૂરી [illegible] તમારી કોઈ પણ [illegible] પડશે [illegible] એ ધંધાના [illegible] વધારી પડયા છે,

હવેથી તેનો વધારો થતો અટકાવવાને શક્તિ-ને અગમ્ય બુદ્ધિશાળી માણસો બરાબર કરવા લાગ્યા છે. ધંધામાં આ મુખ્ય ધોરણ હોવાથી કોઈ માણસ એક ધંધામાં હમેશાં વધારે નફો મેળવી જાય એમ નથી. માટે ધંધો કેમ ચલાવવો, તે બરાબર આવડવું જોઈએ. એક માણસ વરે દહાડે હજાર રૂપીઆ પોતાની કમાણીમાંથી બચાવી જુદા મૂકે તો તે માણસ પાછી ઉમ્મરે પૈસાદાર થઈ શકે. પણ જો એક વર્ષે દશ હજાર કમાય ને બીજે વર્ષે વીશ હજાર ગુમાવે તો તેને વૃદ્ધાવસ્થામાં પણ મહેનત કરી ગુજરો કરવો પડે. સીઆપેન: જેવી હલકી વસ્તુ મુંબઈમાં શેરીએ શેરીએ બરકીને વેચનાર પૈસાદાર થયાના ને મોટા મોટા અમીરોના મહોરીયા લાખો કમાઈને દેવામાં ડૂબાડ્યાના દાખલા કાંઈ ઓછા નથી. જે મનુષ્ય પૈસા કમાવા ઇચ્છતો હોય તેણે પોતાનું બાજ અજમાવવાને ઝંપલાવવું એટલુંજ માત્ર નહિ, પણ પોતાના ધંધાની સલામતી પણ તપાસવી. એ તો નિશ્ચય છે કે, જે ધંધો ઘણો જ અગત્યનો હોય તે ધંધો કરવો સલામતી ભરેલો છે; અને જે ચીજો થોડે નફે પણ તાકીદે ને જથ્થાબંધ વેચી શકાય એવી હોય તે ચીજોના વ્યાપારમાં આખર સરવાળે વધારે નફો મળે છે. એ ચીજોની ખરી જરૂરીઆતને લીધે તેની માગણીને ઉત્તેજન મળે છે અને તેથી તે ચીજ ઉત્પન્ન કરવાનાં સાધનો જેમ જેમ વધતા જાય છે તેમ તેમ તેની ખપત પણ વધે છે. ખરી જરૂરીઆત પૂરી પાડવામાં બીજો વિચાર એ છે કે, જે ચીજો ખેતીમાં, હુન્નરમાં ને સાધારણ ઉપયોગમાં આવે છે, તે ચીજોનો વ્યાપાર સલામતી ભરેલો છે [illegible] ખરી-દનારને બારે [illegible] નથી [illegible] ઉપર સેંકડે વધારે નફો મેળવી શકાય [illegible] બીજી બાજુ તપાસવાનું એ છે કે, પોતાના પૈસા જે [illegible] સલામતી છે કે નહિ ? અને ત્રીજું પૈસા કમાવાની [illegible] વ્યાપારનાં મુખ્ય [illegible] અગત્યની છે તેટલી [illegible] ધંધા કેમ ચલાવવા તે ઉપર [illegible] પણ ધંધામાં એ [illegible] માણસો [illegible] એ વ્યાપા-[illegible] ખરીદી [illegible] તેવાઓને [illegible] સાધન [illegible] છે. આવો [illegible] એક [illegible] મુખ્ય [illegible]

સફરી વ્યાપારી આવી જાય છે. એક દીવાસળીની પેટી વેચનારથી માંડીને મુંબઈની મોટી મોટી યુરોપીયનોની વ્યાપારની દુકાનો છે. તે સર્વેનો તેમાં સમાવેશ થઇ જાય છે.

ધંધો કેવી રીતે શરૂ કરવો ?

વ્યાપારીઓએ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે, કેટલા બધા મનુષ્યો પોતાના ગુમાસ્તાના દરજ્જાનાં વીસ વર્ષથી પણ વિશેષ અનુભવ મેળવીને નાની નાની રકમે સારી મુડી પેદા કરીને નવો વ્યાપાર શરૂ કરે છે. આવા માણસોને માત્ર ગાંધીની દુકાન પછવાડે બેસીને રોકડ મેળનો હિસાબ તપાસવાની ખબર હોવાથી જે ધંધાને પોતે બહુજ સારો અને સહેલો માને છે તેમાં તે પછાત પડે છે. અથવા તો બીજો દાખલો લઇએ તો કેટલાક માણસો જેઓને હમેશાં પૈસા મેળવવાની ઉત્કંઠા દિવસે દિવસે વધતી જાય છે તેઓ ચા, બીસ્કીટ, વગેરેની આરતો બાંધીને પેઢીઓ ખોલે છે અને પાછળથી પૈસાની તંગીથી બેહાલ થઇ જાય છે. છતા પણ યુવાન વ્યાપારી હોંશિયાર અને વ્યાવહારિક જ્ઞાનવાળો હોય તો પોતાનો [illegible] સારા પાયા પર ચલાવી શકે છે. કહેવત છે કે [illegible] નવી નીતિ. હજુ પણ [illegible] તત્વોનું [illegible] ઉપયોગી જ્ઞાન પણ [illegible] નહિ ગણાય. [illegible] તો પછી ધંધાને [illegible] આપણી પુંજી [illegible] શરૂ કરી [illegible] નહિ કરતા, ઉત્તમ રીતે [illegible] નવી રસમો અને વ્ય[illegible] દિવસ દિવસ વધતો જતો હો[illegible]

જે [illegible] ગરકી પડે નહિ [illegible] શરૂઆ[illegible] થઇને સારા [illegible] રકમ નહિ [illegible] કેટલાક ધંધાઓ ઘણાં [illegible], જેવા કે, [illegible] અથવા તો મરી

હતું, વગેરેથી બજારમાં તેઓના જોવામાં આવે છે. જો તમને બરાબર ખાત્રી ન થતી હોય કે, અમુક ધંધાથી બધી રીતે સંતોષ છે, તો ધંધામાં પડવાની ઉતાવળ કરવી નહિ. અને જો ખાત્રી હોય કે, બધી રીતે સંતોષકારક છે તો ધંધામાં પડવાની આનાકાની કરવી નહિ. જેટલો તપાસ થાય તેટલો કરવો. એ ઉપરાંત સંભાળ અને સાવચેતી ધંધો ખરીદ કરવામાં નહિ રાખતાં તે ધંધાના જાણનાર માણસોની મદદ લેવી એ ઉત્તમ સહાયક છે.

ધંધો હાથમાં આવ્યા પછી તે ચલાવવાને ધારા-ધોરણ ઊંડી સંભાળથી ઘડી કાઢવા જોઈએ, ને હિસાબ બરાબર ચોખ્ખો રાખવો જોઈએ. અને બધી વિગત બરાબર ધારા [illegible] લખાવી જોઈએ. રીતિ અને પદ્ધતિ એ બે ધંધાનાં મુખ્ય અંગો છે, કે જેના વિના ધંધામાં ફતેહ મળી શકતી નથી. આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે ફતેહમંદ નિવડે એવા ધંધાઓ પણ માત્ર રીતિ-પદ્ધતિ સિવાય નિષ્ફળ નિવડ્યા છે. જેમ જેમ ધંધો વધતો જાય તેમ તેમ રીતિ-પદ્ધતિ વધારવી જોઈએ. જો તમને સારો લાભ મળ્યો એમ જણાય તો તે ધંધાને વળગી રહેજો; અને કોઈ પણ વિચાર બીજો નહિ. જે જે તમને ખબર મળે તે બધી સંભાળથી નોંધતા જાઓ. પણ તમારી આસપાસના જે જે સૂચનાઓ આપે તે બધી ઉપર વિશેષ ધ્યાન આપવું નહિ. મુખ્ય લક્ષ તમારા ઉપર જ રહેવું જોઈએ. તમારી રકમ તમારા બરાબર લાગુ લક્ષ ઉપર જ [illegible]. અને તમારા મિત્રો અને દરેક માણસોના [illegible] પણ નિર્ણય પોતે જ કરવો. ઘણા [illegible] કરવાથી ઘણો ફાયદો થતો [illegible] અનુમાન [illegible] આપણને ઘણો ફાયદો મળે છે.

તમારા [illegible] કરવો નહિ. તમે [illegible] નહિ [illegible] **એકઠા** [illegible] અને [illegible] વસ્તુઓને [illegible] વિચારે [illegible] અનુભવ [illegible] વિશે [illegible] સાહસ કરે છે. પણ [illegible]

પછી પરદેશી માલની નકલ તો કરે જ [illegible] આવ્યો! અતિકારક વિચાર પડ્યા મુકી, દૃઢ બુદ્ધિનો ટેક રાખો. વ્યાપારમાં ને નવા ધંધા હુન્નરમાં પ્રથમ અનુભવી માણસોની સલાહ લેવી જરૂરની છે કે તેથી આપણે નુકસાનથી બચી [illegible] શકીએ.

વ્યાપારની શરૂઆત-બંધારણ અને કમાણી.

માણસ નવી નવી ચીજો ઉત્પન્ન કરે છે પણ તે કરતાં વધારે નવીન જાતની ચીજોની તેને ઇચ્છા થાય છે. નવી નવી યુક્તિઓને હુન્નરથી માણસ જેમ જેમ નવેદાર વસ્તુઓ ઉત્પન્ન કરતો જાય છે, તેમ તેમ તેની ઇચ્છા બીજી નવી નવી ચીજો માટે વધતી જાય છે. દરેક ખેડુત કારીગર વગેરે પોતાને [illegible] તે કરતાં વધારે પકાવે છે કે બનાવે છે; અને પોતાને જરૂર જોઈતું રાખી બાકીનાને બદલે બીજી ઉપયોગી ચીજો લે છે. [illegible] વગેરે [illegible] પકવે તો તેમાંથી [illegible] પોતાના માટે રાખી બાકીના ૭૦ કે ૭૫ મણ દાણાને બદલે [illegible] બીજાના [illegible] અને દાણા સિવાયની બીજી જરૂરીયાતની વસ્તુઓ [illegible] જેમ જેમ સુધ- [illegible] વસ્તુઓની અને વધતી જાય [illegible] ઉત્પન્ન કરે છે અને [illegible] લોકો [illegible] હશે તો તેમાંથી [illegible] ની ચીજો ખરીદવા માટે [illegible] લોકો જેઓ [illegible] પકાવે તેઓ પોતાના [illegible] જેમ જેમ મેહેનત, [illegible] વધતી જાય [illegible] બદલો કરવાની [illegible] નુમારે સેંકડે [illegible] પોતાના દશમા ભાગ જેટલો [illegible] જ્યારે એ પ્રમાણે [illegible] નફા મળવાની રકમ [illegible] પોતાના બનાવેલી [illegible] રાખે તે [illegible] છે. ચીજોની

કિંમત પ્રમાણમાં વધતી ઓછી હોય તો તે કિંમત કેટલી છે તેની દરકાર કરવાની તે બનાવનારને કે પેદા કરનારને કાંઈ જરૂર નથી. આ સ્પષ્ટ સમજવાને આપણે એક દાખલો લઈએ. જો એક ખેડુત પોતાના દાણા એક રૂપીએ મણ વેચતો હોય અને તેને પહેરવાનાં કપડાં પાંચ રૂપીઆનાં થઈ રહેતાં હોય, એજ ખેડુતને જો બીજે વરસે કપડાં મોંઘાં થવાથી દશ રૂપીઆ ખરચ કરવું હોય તો તેને ભારે પડે, પણ જેમ કપડાંની કિંમત બમણી થઈ તેમ જો દાણાની કિંમત બમણી ઉપજે, એટલે બે રૂપીએ મણ ખપે તો કપડાંનો ભાવ વધ્યાની દરકાર કરવાની ખેડુતને જરૂર નથી. પણ એજ મુજબ જો વણકર પાંચ રૂપીઆનાં કપડાં ખેડુતને જોઈએ એટલાં આપતો હોય, તોપણ જો ખેડુત વણકર પાસેથી બારોબાર ન લેતાં વ્યાપારી પાસેથી લે. વ્યાપારી તેના ૭ રૂપીઆ માગે તો દાણાનો ભાવ તેજ હોવા છતાં એક રૂપીઓ વધારે આપવો પડે તે ખોટ ગઈ. તેમજ વણકર પોતાને માટે વરસ દહાડે ખેડુત પાસેથી ૨૦ રૂપીઆના દાણા ખરીદ કરતો હોય, તેને બદલે જો વણકર વ્યાપારી પાસેથી લે, ને ખેડુત તેજ ભાવે વેચતો હોય તેમ છતાં વ્યાપારી તેટલાજ દાણાના પચ્ચીસ રૂપીઆ માગે, તો કપડાંનો તેજ ભાવ હોવા છતાં વણકરને પાંચ રૂપીઆ વધારે બેસે એ ખોટ ગઈ કહેવાય. વચમાંના વ્યાપારીને એટલો નફો થાય, પણ ખેડુતને એટલુંજ ઉપજે ને વણકરને વધારે આપવું પડે. માટે કારીગરોએ અને ખેડુતોએ પોતાના માલ અદલબદલ કરવામાં વચમાંના માણસ (વ્યાપારી-દલાલ) જેમ બને તેમ ઓછા રાખવા. આ વાતની સત્યતાનું જ્ઞાન જેમ જેમ ખેડુત અને કારીગર [illegible] થતું જાય છે, તેમ તેમ વચમાંના માણસ [illegible] ઉપજ કરનારા [illegible] ઘટતું જાય અને નફો ઘટતો જાય છે. આ ઉપરથી એમ નથી કહેતું કે, વ્યાપારના વધારાના પ્રમાણમાં વ્યાપારીઓ વધતા નથી તેથી કુલ નફો ઓછો થાય તોપણ વ્યાપારીઓને [illegible] નફો ઘટતો નથી, એમ સાબીત થાય છે [illegible] ઉપજ કરનારની અને ખરીદ કરનારની [illegible] છે [illegible] કિંમતની આવક [illegible] પણ [illegible], [illegible]. [illegible] વસ્તુ [illegible] વ્યાપારી [illegible] થતી જાય છે, તેમ [illegible] ઉત્તેજન મળે છે અને [illegible] તે કરતાં પણ વધારે થયે છે. દાખલા તરીકે [illegible] કે [illegible] સ્થાન [illegible] ઉપર [illegible]

વણેલાં લુગડાં પહેરતા તે વખતે પરદેશી માલનું ત્યાંના લોકોને માથા દીઠ દર વર્ષે ૨૦ રૂપીઆ ખર્ચ થતું. હાલમાં તે બીજા ભાગમાં તૈયાર થએલાં કપડાં પહેરે છે. મસાલા, ચાહા, કૉફી, વગેરે પરદેશી માલ ફરથી વહોરે છે; અને ૫૦ વર્ષ ઉપર જે કિંમત હતી, તેના કરતાં હાલમાં લગભગ અરધી કિંમત હોવા છતાં પણ માત્ર પરદેશીજ માલનું દર વરસે માથા દીઠ સાઠ રૂપીઆ ખરચ આવે છે. આ ઉપરથી માલમ પડશે કે, વ્યાપાર વરસો વરસ વધતોજ જાય છે, અને હજુ એ કરતાં પણ વધારે પ્રમાણથી વધશે માટે વ્યાપાર પડી ભાગ્યો છે એમ કહેવું તે વ્યર્થ છે. પણ એટલું તો ખરૂં કે વ્યાપારની ખાસ કુશળતા વગર ધનાઢ્ય થવાની આશા હવે જતી રહી છે. હવે તો જે ખાસ હોંશીઆર ને બુદ્ધિવાન હશે તેજ વ્યાપારને લાયક થશે. તીવ્ર બુદ્ધિવાળા, અર્થશાસ્ત્ર જાણનાર, અને જન્મથીજ વ્યાપાર કરવાને લાયક તેજ સારા વ્યાપારી થઈ શકશે. જેનામાં એવા ગુણ નહિ હોય તેને પોતાને બીજા લોકોના લાભની ખાતર વ્યાપારી થવાની ઇચ્છા છોડીને બીજે ધંધે લાગવું પડશે. કેમકે ઉંટવૈદ રોગીને મારીને પણ જીવી શકે છે અને જ્ઞાનહીન વકીલ પોતાના અસીલનો દાવો હરાવીને પણ પોતે પૈસાથી પોતાના ગજવાં ભરી શકે છે. પણ એ મૂર્ખ વ્યાપારી તો પોતે ખરાબ થાય છે, અને તેનાપર વિશ્વાસ [illegible] [illegible] પણ [illegible] કરે છે. કેમકે છાપેલા [illegible] [illegible] દિવસ દિવસ [illegible] થતા જાય છે ને તે જ્યારે [illegible] [illegible] થશે [illegible] વ્યાપારના મોટો નફો મેળવી ધનાઢ્ય થવાની આશા [illegible] [illegible] થઈ છે એવું તો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માલ [illegible] [illegible] અને માલ [illegible] [illegible] [illegible] [illegible] સીધી રીતે વ્યવહાર ચલાવ[illegible] [illegible] [illegible] [illegible] નફો મેળવવાની જુની રીત [illegible] [illegible] [illegible] છે આપણા વ્યાપારીઓ [illegible] [illegible] [illegible] [illegible] નહીં વિચારતાં [illegible] [illegible] [illegible] [illegible] ખરીદનાર એકઠા થઈને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આગેવાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] આગેવાર માલ મગા[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. કેમકે [illegible] [illegible] [illegible] નોટ્સ, વગેરે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] માલ પહોંચે

છે. તેજ પ્રમાણે ભાવનગર, વેરાવળ અને પોરબંદર પણ જળ માર્ગે-થી સારો ફાયદો થાય છે; અને વળી મુંબઈથી રેલવે મારફતે પહોંચતાં પહેલો આ માલ મળી શકે છે. એટલે રેલવે કરતાં પણ આ માલ વહેલો મળે છે. આથી કાઠીઆવાડના વ્યાપારીઓ ગુજરાતના વ્યાપારીઓ કરતાં ઓછો નફો લેઈ વ્યાપાર કરશે તો પણ તેઓનો ઘણો સારો વ્યાપાર ચાલશે. માલ ઉત્પન્ન કરનાર અને વાપરનાર વચ્ચે સીધી રીતે સંબંધ ચાલવાને રેલવે અને આગબોટે ઘણું અગત્યનું સુખ કરી આપ્યું છે.

થોડે નફે ઝાઝો વ્યાપાર.

હવે શક પડના ખરીદનારને બદોળે નફે ઘણો માલ ધીરવાની જુની રીત દાખલ કરવાને જેમ જેમ મહેનત કરવામાં આવશે, તેમ તેમ માલ વાપરનારા વ્યાપારી વર્ગથી વધારે દૂર જતા જશે, અને તેઓ જાતે આડતીઆની મારફત કે બારોબાર માલ ઉત્પન્ન કરનારા પાસેથીજ પોતાને જોઈતો માલ મગાવતા થશે. માટે હાલના વ્યાપારીઓને લાજમ છે કે, પોતે થોડો નફો લેઈ વ્યાપાર કરવો કે પછી વ્યાપાર કરવાનુંજ બંધ કરી બીજે ધંધે લાગવું. પણ થોડો નફો લેવો એટલે થોડું કમાવું એમ નથી. સેંકડે થોડો નફો લેઈ વેચવાથી માલ વધારે ખપે છે, અને નાણું જલદી ફરી વળે છે; તેથી તેની વાર્ષિક ઉપજ કમી થતી નથી, પણ ઉલટી વધે છે. એક વ્યાપારી સવાઈ કરીને દર વરસે એક હજાર રૂપીઆનો માલ વેચતો હોય તેને બાર મહિને અઢીસે રૂપીઆની કમાઈ થાય. પણ તેજ વ્યાપારી રૂપીએ એક આનો નફો લઈ માલ વેચે તો તે એટલોજ માલ એક માસમાજ વેચી શકે. એટલે બાર માસે પ્રથમ કરતાં બેવડો નફો તેને થાય. એક હજારનીજ મુડીથી બાર હજારનો વ્યાપાર કરીને ત્રમણો નફો મેળવી શકશે, કેમકે થોડો નફો લેવાથી, બીજા કરતાં તે સસ્તો વેચી શકે અને તેથી તેને ત્યાં ઘણા ખરીદનાર જવાના. મુંબઈના મોટા વ્યાપારીઓ વિલાયતથી માલ મગાવી રૂપીએ દોકડો નફો લેઈ સાબરો વેચી દે છે. એવા વ્યાપારીઓ બાર મહિને લાખો રૂપીઆ પેદા કરે છે. એ ઉપરના લખાણનો પ્રત્યક્ષ પુરાવો છે. એટલે વ્યાપારમાં સલામતીથી નફો મેળવવાના મુખ્ય બે નિયમો છે. એક ખરીદનારાને જોઈતો માલ થોડામાં થોડો નફો લેઈ પુરો પાડવો અને બીજો પોતે થોડામાં થોડો નફો લેઈને વેચનાર છે, એવી ખરીદનારની

ખાત્રી કરી આપવી. અમદાવાદનો એક વ્યાપારી ત્યાંના લોકોને જોઈતી એક ચીજ ઓછામાં ઓછે ભાવે પુરી પાડે અને લોકોની ખાત્રી થાય કે, એ થોડોજ નફો લે છે ને દગો કે છેતરપંડી કરતો નથી. તો તે સેંકડે માત્ર એક ટકો નફો ખાઈને માલ વેચે તોપણ ત્યાંના બીજા કોઈ પણ વ્યાપારી કરતાં વરસ દહાડે વધારે નફો તે મેળવશે. માટે જે વ્યાપારી પોતાના ધંધામાં ફતેહ મેળવવા આતુર હોય તેણે નીચેની બે બાબતોની પ્રથમ પોતે પોતાની ખાત્રી કરવીઃ– (૧) પોતે જે ચીજનો ધંધો કરતો હોય તે ચીજ લોકોને ઓછામાં ઓછે ભાવે [illegible] જેટલી જોઈએ તેટલી પુરી પાડી શકાશે. અને (૨) પોતે જે [illegible] [illegible]માં કે જેટલી હદમાં વ્યાપાર કરતો હોય તે બાબતના એ માલ ખરીદનારને પ્રમાણિકપણાથી ને ઓછામાં ઓછે ભાવે કાંઈ પણ કુડકપટ કર્યા વગર માલ પુરો પાડી શકશે. આટલી ખાત્રી થાય તે પોતાનો ધંધો બરાબર ચલાવશે તો જરૂર ફતેહ પામશે ને કમાશે. [illegible] અને કમાણી વિષે ઉપર પ્રમાણે [illegible] લોકોની માગણી પુરી પાડવા માટે [illegible] ટેવ મેળવવા. અને (૩) [illegible] વિષે વિચાર કરીએ.

ધંધાનું જ્ઞાન બે રીતે મેળવી શકાય છે.

[illegible] મેળવી શકાય છે; [illegible] અગત્યનું છે. [illegible] જ્ઞાન મેળવવા [illegible] સાધન [illegible] આવે છે [illegible] [illegible] કરવાથી શું [illegible] [illegible] ને ખાત્રી? [illegible] પરથી [illegible] માલમ પડે છે [illegible] ધંધાની [illegible] નથી, જે ધંધાની [illegible] કેળવવું કેમ?

વધારે આધાર રાખવો પડે છે. તેજ હમેશાં યાદ રાખવું જોઈએ કે, બીજા ફતેહમંદ વ્યાપારીઓની માફક એને પણ બે કાન, બે આંખો અને એકજ જીભ છે. ધંધામાં ઘણુંખરા ખરાબ થાય છે, ને થોડાજ ફતેહમંદ નીવડે છે. તે ઉપર નિરીક્ષા કરી વિચારીને સાર ખેંચી કહાડવો જોઈએ. નિષ્ફળતાને જોવાથી એના મનમાં ઘણી ઉપયોગી બાબતનો બચાવ, જે તે આગળ ઉપર હજારો રૂપીઆ જેટલું કામ કરશે. ઇતિહાસનાં, બનાવોનાં ને મહાજનોનાં પુસ્તકો ધ્યાન દઈ વાંચી મનન કરવાં જોઈએ. એ ઉપર કરેલું મનન આગળ ઉપર આપત્તિની વખતે બહુ કામ આવશે. કેમકે લડાઈઓમાં ને [illegible]માં, રાજ્યકારભારમાં ને વ્યાપારમાં મળતાપણું છે. જેઓ વ્યાપારમાં ફતેહમંદ થાય તે રાજ્યકારભારના ફતેહમંદ પ્રધાન જેવાજ જણાયા.

દરેક માણસે અને વ્યાપારીએ પોતાના ઘરમાં અને દુકાનમાં અમુક ઉપયોગી પુસ્તકો રાખવાં જોઈએ. પણ તે યાદ રાખવું કે, ઘણી ચોપડીઓ કામની નથી–થોડી ચોપડીઓ વાંચવી પણ વધારે વિચાર કરીને વાંચવાથી જેટલો ખરો લાભ મળે છે. વાંચનારના મનમાં વિચાર ઉત્પન્ન કરે અને મનવૃત્તિઓને કામમાં લાવવાને ઉશ્કેરે એવાં પુસ્તકોજ વાંચવાં જોઈએ. કે જે માણસને જીંદગીમાં કે વ્યાપારી ધંધામાં ઉપયોગી થાય. આપણું વાંચેલું હાલ ભૂલી જવાશે, માટે હમેશાં જ્ઞાનના નવા [illegible] વાંચવા જોઈએ. માણસ પોતાના જ્ઞાન ભંડારમાં નવીન જ્ઞાનનો નિરંતર ઉમેરો કરી કાયમ ન કરે તો તે પ્રસાદ ભુલાઈ જાય. માટે જ્ઞાન મેળવવાનું કામ [illegible] રાખવું. હમેશની ટેવવેજ નિરંતર નવું જ્ઞાન એ [illegible] છે.

પણ એ [illegible] વ્યાપારી [illegible] નથી [illegible] જ્ઞાન [illegible] કરવા એ પણ [illegible]

[illegible]

પણ ધંધો શિખવા બેસે છે. "પારકી મા કાન વધે" એ કહેવત મુજબ મોટા વ્યાપારીના છોકરાઓ પણ ધંધાનો અનુભવ લેવાને બીજા તેવાજ વ્યાપારીઓની દુકાને રહી ગુમાસ્તી કરે તોજ ખરેખરૂં જ્ઞાન મેળવી શકે છે. પણ આપણા દેશમાં તેમ થતું જવલ્લેજ જણાય છે. ધંધો શિખવાની ઉમેદ રાખનાર દુકાને બેસે તેણે માલની કિંમત કરતાં શિખવું જોઈએ; કેમકે વ્યાપારીને એ ઘણું અગત્યનું છે. તેથી તે પોતાનો ને ખરીદ કરનારનો લાભ જાળવી શકે છે. માલની કિંમત કરતાં આવડ્યાથી તે પોતે છેતરાતો નથી; ને ખરીદનારને છેતરવાની જરૂર પડતી નથી. કેમકે તેની તે બાબત છુપી રહેતી નથી. ખરીદનારની તે ગેરમાહિતી પણ હોંશિઆર વ્યાપારી તરત પારખી જાય છે. ને એ દિલગીરી ભરેલું છે કે, ઘણા વ્યાપારી ખરીદનારની એ ગેર-માહિતીનો ગેરલાભ લીધા વગર રહેતા નથી. માટે વેચનાર અને ખરીદનાર બન્નેને માલની કિંમત હોવા જોઈએ. એક વ્યાપારી છેતરાઈને હલકો માલ લાવે તો તે સારા માલને ભાવે તેને વેચવો પડે છે. પણ તેથી તેની આબરૂ ઘટે છે અને ખરીદનાર ફરીને તેની દુકાને ચઢતો નથી. માલની કિંમત જાણવાનું જ્ઞાન નાનપણમાં ઘણું સારૂં મેળવી શકાય છે. નાનપણમાં મેળવેલું જ્ઞાન કદી ભુલાતું નથી, અને મોટપણમાં મેળવેલું જ્ઞાન કદી પાકું થતું નથી. પ્રથમ આપણે ઇંદ્રિયોની કેળવણી વિષે કહી ગયા છીએ તે આ જગ્યાએ ઉપયોગમાં આવે છે. માલની કિંમત શિખવાની નિશાળ, સામટો માલ વેચનારની દુકાન કરતાં સાધારણ વ્યાપારીની દુકાન સારી છે. સામટો માલ વેચનાર કારખાનાવાળા પાસે [illegible] માલના [illegible] સામટો માલ લઈ સાધારણ વ્યાપારીઓને [illegible] વેચે છે. સાધારણ વ્યાપારી તે માલ પસંદ કરીને [illegible] પસંદ ન પડતા તેનો નથી, પણ નહિ પસંદ પડવાનું કારણ [illegible] નથી. એટલે એવી મોટી વખારોમાં રહેલા ગુમાસ્તો ગમે તેવું જ્ઞાન આપે, ને ગમે તેટલો હોંશિઆર હોય પણ તે માલની કિંમત સમજતો નથી, પણ સાધારણ વ્યાપારીને ત્યાં એમ થતું નથી. એની દુકાને માલ લેવા આવનાર ઘરાકો ઉપર [illegible] રહેતો નથી. [illegible] તે અજમાવે છે અને નઠારો નીકળે તો તેના શો [illegible] ને જાણી પાછો ફેંકી જાય છે. વળી એ વગર કેટલાક ખરીદનાર માલ લેતી વખતેજ માલની તપાસ કરે છે અને તે ઉપરથી પણ માલ વેચનાર ગુમાસ્તો માલની કિંમત કરતા શીખે છે. તે પ્રથમ માલના પડત ભાવ જાણે છે, તેમાં શો

નફો ખોટ જાય છે તે શીખે છે, તે નફો ખોટ શાથી થાય છે તેનો વિચાર કરે છે, માલમાં શી જાતની ખામી છે તે જાણે છે, અને એ રીતે ગુમાસ્તો હોંશિયાર હોય તો સારા માલની પરીક્ષા કરતાં શીખે છે. માલની કિંમત જાણવા સિવાય હિસાબ રાખતાં, પત્ર વ્યવહાર કરતાં અને હિસાબ સુધારી લેતાં પણ વ્યાપારીને આવડવું જોઈએ. આપણા વ્યાપારીઓમાં એ જાતની ખામી જોવામાં આવતી નથી. વ્યાપારી થયો એટલે એટલું તો આવડવુંજ જોઈએ અને તે પણ ગુમાસ્તા તરીકે રહી સાધારણ માણસો એ જ્ઞાન મેળવે છે. નામું રાખવાની આપણી રીત પણ સારી છે. એ બધામાં સુધારવાનું માત્ર લખાણ છે. આપણા વ્યાપારીઓના જૂની પદ્ધતિના બોડીઆ અક્ષરનું નામું ઠામું અને કાગળ પત્ર ઘણા મનુષ્યને ઘણી વાર ગુંચવણમાં નાખે છે. જેમકે 'કાકા અજમેર ગયા છે, ને કાકી કોટે છે,' તેને બદલે 'કાકા આજ મરી ગયા છે અને કાકી કુટે છે,' એવું વંચાય અને આંખે અંધેર કુટાય છે. બોડીઆ અક્ષરે લખેલી 'ખાંડ'ની 'ખડી' વંચાય છે. આવું નામું ને કાગળો વાંચવાને ઘણો મહાવરો ને હોંશીઆરી જોઈએ. આસપાસના ભાવ ઉપરથી ઘણી મુશ્કેલીએ હોંશીઆર માણસ બોડીઆ અક્ષરો બેસાડી શકે છે. આપણા વ્યાપારીઓ સારા અક્ષરથી ને સારી ઢબથી સ્પષ્ટ લખનાર થાય એમ થવું જોઈએ. ગુમાસ્તી કરવાની મતલબ ધંધાનું બરાબર જ્ઞાન મેળવવું એ છે. એ જ્ઞાનમાં ઉપર કહેલી બાબતોનો સમાવેશ થાય છે. એટલુંજ નહિ પણ એ માલ ક્યાં થાય છે, માલ બનાવનાર શા ભાવે વેચે છે, સામટો માલ વેચનાર વ્યાપારીઓ શા ભાવે આપે છે, સારો ને સસ્તો માલ ક્યાં મળે છે, અને એ માલની વધારે ખપત ક્યાં છે, ને એ માલનું નૂર, જકાત, ખર્ચ વગેરે શા પ્રમાણે થાય છે તે પણ જાણવું જોઈએ. આ માહિતી મેળવવી એ સહેલું કામ નથી. પણ ઇચ્છા ને આગ્રહથી તે સહેજે મેળવી શકાય છે. માલની બરાબર ખરીદી કરતાં શીખવું જરૂરનું છે, એટલુંજ નહિ પણ તે સાથે બીજું જ્ઞાન પણ મેળવવું જોઈએ પોતાના ધંધાની સાથે સંબંધ ધરાવતા બીજા ધંધાઓની માહિતી પણ મેળવવી જોઈએ, અને બાકીના ધંધાનું સાધારણ જ્ઞાન હોવું જોઈએ. કેમકે નવીન શોધોથી, લડાઈથી, રાજ્ય બનાવો અને હદ ઉપરાંત વ્યાપારીઓ વધી પડવાથી એક વ્યાપાર કસ વગરનો થઈ પડે તો જેને બીજા ધંધાની માહિતી હોય તે, બીજે ધંધે વળગી શકે ..

નથી. માટે હરેક વ્યાપારીએ ઓછામાં ઓછા એ જાતના ધંધાની તો પુરેપુરી માહિતી મેળવવી જરૂરની છે. ધંધાની માહિતી મેળવ્યા પછી તે ધંધાર્થીના મનમાં એક પ્રશ્ન એ ઉભો થાય છે કે, તેણે સ્વતંત્ર ધંધો કરવો કે બીજા વ્યાપારીની સાથે મળી ભાગીદારીમાં કરવો? આ પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે તેની પાસે પૈસાની છત કેટલી છે અને દર વર્ષે કેટલો માલ વેચી કેટલો ચોખ્ખો નફો મળવા ધારી તેની ઉપર તેનો આધાર રાખે છે. માટે હવે પૈસાની છત પર વિચાર થવાનો જરૂરનો છે.

ભંડોળ—મુડી.

ચાહની પડીકીઓ વાપરવામાં આવતી. આફ્રિકામાં કેટલેક ઠેકાણે એક જાતની છીપો વાપરવામાં આવતી હતી. ગ્રીસ દેશના લોકો અરબો ને અસલના વખતમાં ઘણી પ્રજાઓ ઢોરોને નાણાં તરીકે વાપરતા. વળી કેટલેક ઠેકાણે મીઠું અને ચામડાં પણ નાણાં તરીકે વપરાયેલાં છે. હિંદુસ્તાનમાં કેટલેક ઠેકાણે કોડીઓ અને બદામો વાપરવામાં આવતી. પણ આખરે અનુભવથી એમ સિદ્ધ થયું કે બીજી કોઈ પણ વસ્તુ કરતાં સોનું રૂપું નાણાંનું કામ વધારે સારી રીતે કરી શકે છે. કારણ કે નાણાં તરીકે પસંદ કરેલી વસ્તુને (૧) મૂલ્યના સામાન્ય માપ અને (૨) વિનિમયના સામાન્ય સાધન તરીકે બે તરેહનાં કામ કરવાનાં છે.

નાણાં તરીકે પસંદ કરેલી ચીજના સાત ગુણો.

૧. નૈસર્ગિક મૂલ્ય. ૨. સુવાહ્યત્વ. ૩. અક્ષયત્વ. ૪. ઐકાત્મ્ય. ૫. વિચ્છેદ્યત્વ. ૬. મૂલ્યનું સ્થાયિત્વ. ૭. વિજ્ઞેયત્વ.

મુડીની વ્યવસ્થા.

મુડીની વ્યવસ્થા વિષે સૌથી અગત્યનું એ છે કે, કેટલી મુડીએ કેટલો વ્યાપાર કરવો ? અર્થાત્ એક માણસે પોતાની મુડી કરતા કેટલો વધારે માલ ખરીદવો ? આ પ્રશ્ન ઘણો ગંભીર છે. આપણા દેશના નાણાવટીઓ પોતાની મુડી કરતાં ચાર ગણો વ્યાપાર આબાદીથી કરી શકે છે. નાના વ્યાપારીઓ ત્રણ ગણો વ્યાપાર કરી શકે છે. પણ પોતાની [illegible] પ્રમાણમાં એ પ્રમાણમાં વધઘટ થાય અને આપણે એવો [illegible] નિયમ આ પ્રમાણે આપી શકીએ કે [illegible] પણ [illegible] નિયમના [illegible] હદ નથી. તે [illegible] મુડી [illegible] નિયમમાં રાખી શકે છે. [illegible] પોતાના માલની કિંમત પડવાથી, લેણદારો ચડી આવવાથી કે [illegible] પોતાને [illegible] કરાવવું પડે તો તે વ્યાપારી માલની કિંમતના પ્રમાણમાં કે પોતાના નાદાર કે નબળા દેવાદારોની [illegible] પોતાની મુડી જતાં લેણદારોને ઠોકરે પાઈ [illegible] શકે એવો પોતાની મુડી કરતાં વધારે વ્યાપાર તે [illegible] રીતે કરી શકે છે; અને એવી [illegible] સાધારણ રીતે એનાં [illegible] હોતી નથી. એટલે મુડી કરતાં ત્રણ ગણો વ્યાપાર [illegible] સલામતી [illegible] પણ ત્રણ ગણા ઉપરાંત


વ્યાપાર કરવામાં ગમે તેટલો લાભ મળવાની આશા હોય તો પણ ડહાપણ નથી. કેમકે પોતાનું દેવું વખતસર અદા કરવાને જોઇતું વખત-સર આવશે તેની ખાત્રી કરી શકાતી નથી. ઓનરેબલ હોરેસ-ગ્રીલી લખે છે કે, વ્યાપારી અજાણપણામાં કેટલું દેવું ખેંચી શકે એ વિષે જુદા જુદા ધંધા કરનારનો જુદો જુદો વિચાર છે, તેમ એ વિષે અમુક નિયમ બાંધવો પણ અશક્ય છે. એક માણસ પોતાની મુડી કરતાં બમણું દેવામાં ડુબાયું કહાડી લેણદારોને નુકસાન કરે છે. ખરો નિયમ તો એટલોજ કે કોઈ પણ માણસને પોતાના પૈસાનું જોખમ લેણદારોને જણાવ્યા વગર અને તેમની મંજુરી મેળવ્યા વગર તેમની મુડી જોખમમાં નાખવાનો હક નથી. વળી દેણદારે પણ વિચારવું જોઇએ કે, હું જે જોખમ વહોરું છું તે મ્હારા અંતઃ-કરણ પૂર્વક વ્યાજબી છે? ને દગાથી દેવું પાછું વાળવાના ઇરાદા પુરો છે !

મુડી સંબંધી બીજો વિચાર એ છે કે, વધારાની મુડીને કામે કઇ રીતે લગાડવી ? જ્યારે નફો એકઠો થયો હોય અને વ્યાપારમાં વધારે મુડી રોકવાની જરૂર ન હોય, અથવા પોતાની બચતી મુડી વ્યાપારમાં કામે લાગની ન હોય તો એ વધારાને વધારાની મુડી કહે છે. એ વધારાની મુડીને ખાત્રી લાયક સ્થળમાં (જામીનગીરીમાં) રોકવી કે જરૂર પડે એ વધારાની રકમ કામે લાગે. પણ ખાત્રી લાયક સ્થળ કોને ગણવાં, એ સમજવાને થોડો વધારે ખુલાસો કરવાની જરૂર છે. સામાન્ય લેવાની મીલ્કત બે જાતની હોય છે, સ્થાવર અને જંગમ. ઘર જમીન વગેરે સ્થાવર મીલ્કતનું નામ જાણું આવે છે, [illegible] [illegible] ન ખરીદેલા વગર [illegible] શકાતી નથી. પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] મુડીને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] વધારાની મુડી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે [illegible] વધારે મુડી [illegible] વધારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરાવે છે, એટલે તે વિષે બહુ વિચાર કરવાની જરૂર નથી.

મુડી મેળવવાની અતિશે જરૂર.

હિંદુસ્તાનમાં નાણાં ભેગાં કરવાની પદ્ધતિ ઘણી નબળી છે
સેંકડો લોકોના ગેરવ્યવસ્થા અને અંધાધુંધીને લીધે હિંદુસ્તાનની પ્ર
ભવિષ્ય માટે બેકાળજી ધરાવે છે; વળી વધારે નાણાં મેળવ
સારુ સાધારણ કરતાં વધારે મહેનત કરવાને ખુશી નથી. હિંદુસ્તા
નના ધર્મો પણ, શાન્તિનો અને સૃષ્ટિ તથા તેના આનંદોની સ્પૃહા ન
કરવાનો બોધ કરે છે. તેથી કરી હિંદુસ્તાનમાં પૈસાની અછત છે
અને એજ આફતને લીધે એની મહાન્ કુદરતી સંપત્તિ ખીલ્યા વગ
રની પડી રહી છે. જે કોઈ ઘણી મુડી થોડાઓ પામે છે તે ઉત્પાદક
ઉદ્યોગોમાં નાખવામાં આવતી નથી. વ્યાજ ઉપજ કરવું એ હિંદુ-
સ્તાનના મુડીવાળાઓનો વલણ એકજ ધોરણ છે. ધંધાને પૈસાની
મદદ કરવાનો નહિ. અર્થાત્ હિંદુસ્તાનના મનુષ્યો બહુ ભારે નાણાં
સિવાય [illegible] પરદેશી મુડી હિંદુસ્તાનમાં
[illegible] અને તેની પેદાશ
[illegible] મુડી રોકી
[illegible]

હિંદુસ્તાનની લક્ષ્મી ઘસાઇ ગઇ.



ક્યાંઇ પણ જણાતું નથી. ઇંગ્લાંડ, ફ્રાન્સ, સ્વિટઝર્લાંડ, જર્મની, વગેરે નાનકડા દેશો છે, પણ તેમાં વસેલાં શહેરો, ઇંદ્રપુરીને હસાવે એવાં દેખાવડાં ને મહાભવ્ય બગલાવાળાં શોભી રહ્યાં છે. તેમની ઇમારતો ગગને ગર્જના કરી રહી છે. તેમની પાસે નાણાંનો ભારે ભંડાર છે, અને તેમની મિલકતો તો ગોટી સંખ્યાએ ગણીએ ત્યારે ગણી શકાય તેવી છે. ત્યારે આ કળદ્રુપ વિશાળ દેશમાં લક્ષ્મી ઉપર ધાડ શાની પડી?

હિંદુસ્તાનના કારીગરો બિચારા મેલે વેશે ફરે, અને વધારેમાં વધારે પૈસાવાળા કારીગર બે હજારથી વિશેષ રકમવાળા મળે નહિ. તેનું ખરું કારણ એ છે કે, તેમની બનાવેલી કારીગરીની ચીજને પરદેશથી આવતી મોહક ચીજને આગળ ઝાંખી પડી ગઇ, તેથી તેનો આપણા દેશમાં તેમજ બીજા દેશોમાં ઉપાડ થયો નહિ; અને તેથી તે ધરજમાંજ પડી રહી. તે ગળી, સડી, કે ભાંગીને ભૂકો થઇ ગઇ તોપણ તેની સામું કોઇએ જોયું નહિ. તેથી બિચારા કારીગરોએ પછીથી ખપ જોગતીજ બનાવવા માંડી; અને પરદેશમાંથી આવતા પૈસાનો ભંગ બરતખંડરૂપી કુવામાં આવતો બંધ પડ્યો. એટલુંજ નહિ પણ ઉલટાં પરદેશી માલ ખરીદવામાં નાણાં નખાઇ જવા લાગ્યાં. તેથી ભરતખંડરૂપી કુવો ધીમે ધીમે ઝીણીને વેગે ખાલી થવા લાગ્યો. હવે તો કુવાનું તળિયું દેખાવાની તૈયારીમાં છે. કારીગરોની તેમજ ભરવાડ વસ્તીની દશા ન નાણાં ને મિલકતની બાબતમાં નબળી પડી ગયેલી છે. તેથી પોતાને બની હુનર કળાનાં કામો-કારખાનાં કાઢે કે નાણાં ખરચી કળાવાન દેશોમાં જઇ નવીન પ્રકારના હુન્નરો શીખી આવી આ દેશમાં તે દાખલ કરે એવી આશા હાલમાં રહી નથી.

માલનું વેચાણ અને નફો

ગુણી વિચાર કરીને વ્યાપારીએ વ્યાપાર કરતાં અગાઉ તે વ્યાપારમાં કેટલો માલ વેચી કેટલો નફો મેળવી શકશે એ વિચારવું પણ અગત્યનું છે. પણ આપણા દેશમાં એવો વિચાર કરનારા થોડાજ નીકળે છે, અને વગર વિચારે વ્યાપારમાં ઝંપલાવાથી તેઓ ભારે જોખમમાં આવી પડે છે. ને ખોટ ખાય છે, મુડી ગુમાવે છે, કે દીવાળું કહાડે છે. જો આ સંબંધી લાંબો વિચાર કરીને વ્યાપાર આરંભે તો ઘણા માણસો ખરાબ થતા અટકે. પણ એ વિચાર કરવાને તેની અનુભવ જોઇએ. જે જાતના માલનો વ્યાપાર કરવો

હોય તે માલની તે જગ્યાએ કેવી ખપતી છે ? એ જાતના બીજા વ્યાપારીઓ કેટલા છે.? એ માલ શા ભાવે મળશે? રસ્તામાં લાવતાં ભાડું, મજુરી અને દાણ વગેરેનું કેટલું ખર્ચ થશે? ઘસારો કેટલો આવશે ? વ્યાજખાધ કેટલી લાગશે ? એ માલ વ્યાજબી રીતે કેટલી કીંમતે વેચી શકાશે ? એ સઘળું અનુભવથી જાણી લઈ આંકડા ગણી જોઈ યોગ્ય ચોખ્ખો નફો મળે તેમ હોય તોજ તે વ્યાપાર આરંભવો. નહિતર તે પડતો મુકી બીજો વ્યાપાર કરવો એમાંજ હીત અને આબાદી છે.

વ્યાપારીઓને બે બોલ યાને સૂચના.

કેટલાક વ્યાપારમાં હાલના સમયે કસ નહિ હોવાથી દુર્બળ કે નબળા થઈ ગયેલા વ્યાપારી ચીંથરેહાલ બની જવા છતાં પણ પોતાની દુકાનો ઉઘાડી રાખી ફાટી આંખે આમ તેમ જોતા આખો દિવસ બેસી રહે છે. તેઓના મેળમાં જો આપણે વકરાનો આંકડો જોઈએ, તો દશ રૂપીઆની ઉપર તો ભાગ્યેજ હોય છે. તેમાંથી તેમને મળેલા નફાનો હિસાબ કરવા બેસીએ તો રૂપીએ આના પ્રમાણે વધારેમાં વધારે બે આના નફો. તેમાંથી પારકાં નાણાં કાઢી વ્યાપાર કરેલો હોય તેના તેનું વ્યાજ સાથે તે દુકાનનું ભાડું કાઢતાં આખરે કુટુંબના ગુજરાનના પણ ઉપજ થાય નહિ. તેમ છતાં તે વ્યાપાર પડતો મુકી બીજો વ્યાપાર કરતા નથી. તેઓ આગળ પાછળનો વિચાર નહિ કરતા અને અજ્ઞાની આથી તેમના બાપ દાદાના સુધારેલા ચાલુ થઈ ગએલા ધંધાને તાણ્યા કરે છે; પણ તેમને બીજું કાંઈ કામ કે ધંધો સુઝતો નથી. હાલનો નાનો ધંધો તેઓ ખોળે, તો હજારો તરેહના વિલાયતી કે પરદેશી માલ આપણા દેશમાં ઉતરે છે, તેમાંની જે ચીજોનો આપણા દેશમાં બહુ ખપ ગણાતો હોય, તેમાંથી પોતાના ગજુના સમાય એવી હરકોઈ ચીજ બનાવવાને પ્રયત્ન કરે, તો તેમની રોજી કેવી ચાલે? માટે સઘળા વ્યાપારી વર્ગને સૂચના કરવાની કે, જે ધંધામાં કસ રહ્યો ન હોય, તે ધંધો પડતો મુકી બીજા કસવાળા ધંધાઓ ઉપાડો, તમારા એકલાથી કામ ન બને તો તમારા સોબતીઓને સામેલ કરી કંપનીઓ કરી નવા નવા ઉદ્યોગોનો ઉપાડ કરો, તમારી વૃદ્ધાવસ્થાને લીધે તમારાથી નવા હુન્નર કે વ્યાપાર સંબંધી જ્ઞાન મેળવી શકાતું ન હોય તો ખેર; પણ તમારી કુદરતી પ્રજાને વર્તમાન કાળને અનુસરતી વિદ્યા કે વ્યાપાર શીખવો. હાલમાં પોતાની

સ્વભાષા શીખ્યા પછી, જે જે દેશો હુન્નર અને વ્યાપારમાં આગળ પહોંચેલા છે તે તે દેશની ભાષાઓનું જ્ઞાન અપાવો; તમારા પુત્રોને તમે હાથ કષ્ટ વેઠીને પણ વ્યાપારની યાને હુન્નરની શાળાઓમાં દાખલ કરો, કે જેથી તમને આખરે પણ ખરચેલાં નાણાંથી બમણું કરતાં પણ વધારે મળશે.

દુકાનની પસંદગી.

દુકાનની જગા પસંદ કરવી એ વ્યાપારીને બહુ જરૂરનું છે. આપણે જે જાતનો વ્યાપાર કરતા હોઈએ તે જાતના વ્યાપારીની દુકાનો જ્યાં હોય ત્યાંજ આપણે પણ દુકાન માંડવી જોઈએ. આપણે કાપડનો વ્યાપાર કરતા હોઈએ તો જ્યાં કાપડની ઘણી દુકાનો હોય. ત્યાં આપણે પણ દુકાન કહાડવી જોઈએ. કેટલાક એમ ધારે છે કે, જ્યાં ઘણા વેચનારા હોય ત્યાં દુકાન માંડવા કરતાં જ્યાં કોઈની દુકાન ન હોય ત્યાં માંડવાથી વધારે ખપત થાય. પણ તે ભૂલ છે. સારા ખરીદનાર જ્યાં મુખ્ય દુકાનો હોય ત્યાંથીજ માલ ખરીદે છે. વળી હોંશીઆર ખરીદનારા માલની સરખામણી કર્યા વગર ખરીદ કરતા નથી. જેમ સરખામણી કરવાને ઘણી દુકાનો હોય તેમ તે તરફ ખરીદનાર વધારે ખેંચાય છે. તેથી એકલી દુકાન માંડનારની દુકાને કોઈ જતું નથી.

હરીફાઈ.

હરીફાઈ એટલે એકનું સારૂં જોઈને તેની બરાબરી કરવા, અગર કોઈ કામમાં લાભ મેળવવા બીજાઓની સાથે આપણે પણ પ્રયત્ન કરવો તે.

હરીફાઈ એ તો વ્યાપારનો પાયો છે. સામસામી દુકાન માંડવાથી દેખીતી હરીફાઈ થાય છે, પણ પરિણામે બંનેને તે લાભકારી નીવડે છે. એક ટોપીઓના વ્યાપારી કહે છે કે, “ જ્યારે હું જુવાન હતો, ત્યારે પ્રથમ ટોપીઓ વેચવાનો વ્યાપાર કરતો. પ્રથમ મેં ધાર્યું કે, જ્યાં કોઈ ટોપી વેચનાર ન હોય ત્યાં દુકાન કહાડવી. જેથી મારી આસપાસ પા માઈલ સુધી કોઈ ટોપીવાળાની દુકાન નહોતી ત્યાં મેં દુકાન માંડી. પણ વરસ આખરે મને કાંઈ પણ નફો મળ્યો નહિ, એમ કહું તો તે કાંઈ ખોટું નથી. મારૂં ખર્ચ માંડ માંડ નીકળ્યું. જેથી મેં મનમાં તજવીજ કરી કે, બીજા ટોપીવાળાનો માલ ખપે છે કે નહિ ? એક ઠેકાણે ટોપીવાળાની બે દુકાનો મેં જોઈ, ત્યાં તેઓનો માલ ખપ-

પણ હોવાથી કામ કરી શકે છે. આંખને પણ ઠીક કરવાં સહેલું અજવાળું વધારે મળે છે. દુકાનમાં ખુલ્લી હવા આવવાના રસ્તા પણ અગત્યના છે. ખુલ્લી હવાના ઉપયોગના પુરાવા [illegible] આપણી [illegible] આપણને પુરાવા આપે છે. [illegible] કરતાં પણ ખરાબ હવા વધારે મારક છે. ખુલ્લી હવાના લાભ વિષે ઘણાં પુસ્તકો લખાયાં છે. ગીચ વસ્તીવાળાં શહેરોના અને અંધારા ઓરડાની હવાથી થતા નુકસાન વિષે પણ ઘણા પ્રકરણો લખી ગયા છે. ખુલ્લી હવા જેમ રહેવાના મકાનને તેમ દુકાન, વખાર કે પેઢીને પણ ઉપયોગની છે. [illegible] જાતોમાં કેટલાક [illegible] માલ રાખવાથી તેનો રંગ બદલાય છે, ને કેટલાનો ગુણ બદલાય છે, ને કેટલાક તો [illegible] બગડી પણ જાય છે. વળી જ્યાં ખુલ્લી હવા આવવા દેતી ન હોય તેવી દુકાનમાં કામ કરનારાની તંદુરસ્તી પણ બગડે છે. જેમ [illegible] કરવામાં ને તંદુરસ્તી [illegible].

દુકાનમાં માલની ગોઠવણી.

રાખવું જોઇએ. તેમાં જેટલામે નંબરે જે માલ આવતો હોય તે નંબર તે કબાટપર ચોડાવો. વળી કબાટના કયા ખાનામાં કયો માલ છે તેનો નંબર ને ખાનાપર ચોડાવો. ઘણી જાતનો માલ હોય ત્યાં કોઈ પણ માલ જડવા માટે આ ગોઠવણની અવશ્યની છે. દરેક સામાન માટે ને માણસ માટે જગ્યા મુકરર કરવી જોઈએ. દુકાનમાં કાંઈ પણ નકામું ન જાય, તેની સંભાળ રાખવી જોઈએ. વળી હિસાબ રાખનારા પાસે પરચુરણ પણ તૈયાર હોવું જોઈએ કે ખરીદનારને વટાવવા જવું ન પડે. દુકાનના સઘળા નોકરો ઉપર નજર પહોંચે ને ખરીદનારને તુરત દેખે એવે ઠેકાણે શેઠની બેઠક હોવી જોઈએ.

નોકરોની પસંદગી.

એકલો માણસ માત્ર જાતિ મહેનતથી મોટા પાયા ઉપર વ્યાપાર કરી શકે નહિ, તેથી તેને પોતાને મદદ કરવાને નોકરો રાખવાની જરૂર પડે છે. એ નોકરો સારા નરસા પસંદ કરવા ઉપર એના ભવિષ્યનો આધાર રહેલો છે. નોકરના કામ કરવાના આવડત સિવાય મુખ્ય ગુણોમાં પ્રમાણિકપણું [illegible] છે. પ્રમાણિક માણસ ઓળખવાને કાંઈ નિયમો બાંધી શકાતા નથી તોપણ જે નોકર રાખીએ તેના બાળપણનો પ્રથમ તપાસ કરવો. એમ નથી કે પ્રમાણિકપણું કે અપ્રમાણિકપણું [illegible] ઉતરતું હોય; પણ એટલું તો ખરું છે, [illegible] પોતાના બચ્ચાંને પણ પોતાના જેવા [illegible] પોતાના ઘરમાં પોતાનાં માબાપના સદાચરણના [illegible] હોય ને બાળક મોટું થયા પછી તેવાજ [illegible] એમ સંભવે છે. જે જગ્યા [illegible] ઉપર મહેનતુની [illegible], અને એ [illegible] કરીને સારી [illegible] માણસના [illegible] માટે કેવા પ્રકારના મહેનતુ [illegible] શુદ્ધ દેખાતી હશે તોપણ ડહાપણ તો [illegible] બચપણ માટે ઘણું કરીને ડહાપણ અનુભવનો [illegible] છે. તેથી બચપણ માટે ડહાપણ [illegible] એમ નહિ [illegible] છે. ડહાપણ માટે [illegible] છે. ભલા માણસના ડહાપણ હોય, પણ [illegible] માણસને ડહાપણ શીખવે છે. બચપણથી માત્ર ડહાપણનું કાંઈક [illegible] ને જે તે [illegible] કામ નહિ કરે, અને તેને કુદરતી

દુકાનમાં ઉપયોગી પુસ્તકો રાખવાંજ જોઇએ.

[illegible]

નોકરોના પગારો વધારી રાજી રાખવા.

સાટું વિનિમયનું સાધન છે.

જંગલી લોકોમાં સઘળી વેચવાની અને લેવાની વાત એક ચીજ બીજી ચીજના બદલાથી કરવામાં આવે છે, નાણું બિલકુલ વાપરવામાં આવતાં નથી. આપણાં ગામડાંઓમાં હજી એ રીત જોવામાં આવે છે. ત્યાં પારોર શાક પણ પૈસાથી વેચાતું મળતું નથી, પણ દાણાને બદલે મળે છે. આ રીતને સાટું કહેવામાં આવે છે. આ રીત ઘણી અગવડ ભરેલી છે, ને જે દેશોમાં વિનિમયની સાટા સિવાય બીજી રીત બિલકુલ નથી ત્યાં વ્યાપાર ઘણો જ મંદ ચાલે છે. સાટામાં પડતી અગવડોને લીધે લોકોને નાણું વાપરવાનું સૂઝ્યું અને સાર્વજનિક સંમતિથી કોઈ ચીજને મૂલ્યના માપ અને વિનિમયના સાધન તરીકે પસંદ કરવામાં આવી. તે ચીજના વાપરથી સાટું કરવાની જરૂર બંધ પડી. ફક્ત સાટું જ ચાલતું હતું તે વખતે તો એક માણસ પાસે પોતાના ખપ કરતાં વધારે શાક હોય ને તેને પહેરવા લુગડાં જોઈતાં હોય તો જેની પાસે ખપ કરતાં વધારે લુગડાં હોય ને જેને શાકની જરૂર હોય એવા માણસને ખોળી કાઢવો પડતો. પણ હવે તેમ કરવું પડતું નથી. જેની પાસે વધારે શાક હોય તે અમુક પૈસાથી તે કોઈને વેચે ને તે પૈસાના કાપડીઆ પાસેથી લુગડાં લે.

ખરીદ કરવું અને વેચવું.

વ્યાપારમાં માલના ખરીદ કરવો અને વેચાણ કરવું એ ખાસ શીખવાના છે. [illegible] પોતાના માલનાં એટલાં બધાં વખાણ કરે છે કે [illegible] કારણ કે તેનો આડતીઓ એ માલની ખરી કિંમત [illegible] વેચનારા પોતાના માલના વખાણ કરે [illegible] કે આ માલ એટલો તો સારો છે કે, બીજા [illegible] આટલોજ બાકી રહ્યો છે. ને બીજી [illegible] અથવા તો કહેશે કે, આ જાતનો માલ આપને કિંમત [illegible] ને [illegible] પણ આટલી વધારે કિંમત લઈને **મહેતાચંદને** આપ્યો ને ફૂલચંદને આપ્યો આપ્યો છે, પણ આપને! [illegible] આપને આપું છું. પરદેશી માલ [illegible] 'સાહેબ' આ માલ [illegible] જાતનો ને નવા નમુનાનો આવ્યો છે. એની કિંમત બહુ બાહેર પડી છે. [illegible] બિચારીએ તો તે માલ [illegible] તેની દુકાનમાં [illegible] હશે ને જેટલી કિંમત વધારે [illegible] છે તેટલી એની [illegible]

માણસે પોતાના મનમાં દગો કરવાનો જરા પણ વિચાર લાવવો જોઇએ નહિ. બધા મનુષ્યો સાથે ખુલ્લા દિલથી વાત કરી, પોતાનો આત્મા આનંદમાં રાખવો. ખરી વાત કહેતાં વખતે સામો માણસ દુભાય છે ને ખોટો વિચાર લાવે છે, પણ પરિણામે તેને ઘણો લાભ થાય છે. કહ્યું છે કેઃ—

कपट सज्जनैस्त्याज्य, मायुर्लक्ष्मी यशोनुदम् ।
धर्म नाशकरं बुद्धि नाशकृदुव्यमनप्रदम् ॥

અર્થ—સારા મનુષ્યોએ કપટનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે તેથી આયુષ્ય, લક્ષ્મી, કીર્તિ, ધર્મ અને બુદ્ધિનો નાશ થાય છે, તથા ઘણું દુઃખ વેઠવું પડે છે. માટે વાતચિત કરવામાં, વ્યાપાર રોજગારમાં, કારીગરીમાં કે બીજા કોઈ કામમાં કોઈ માણસે દગો કરવો નહિ. એથી જરા પણ લાભ થતો નથી, ને નુકસાન ઘણુંજ થાય છે. એ ખરેખર હલકી જાતના અને હલકા સ્વભાવવાળાની નિશાની છે. જે સત્ય બીના હોય તે ખુલ્લા દિલથી ઉઘાડ કરી દેવી, પણ સાચી વાતનું સ્વરૂપ બદલી નાંખી પાપના ભાગના હિસ્સેદાર કપટ જાળનો બાંધી ભેગ કરવો નહિ.

વ્યાપારી ધોરણો.

૧. વ્યાપારીઓ નફા મેળવવા વ્યાપાર કરે છે તેથી તેઓ વગર નફે વેચાણ કરતા નથી. નફા વગર રોકડી કિંમતે પણ વેચાણ કરતા નથી.

૨. વખતસર પૈસા નહિ આપનાર કરતા અગાઉથી વખતે પૈસા આપનાર પાસેથી થોડો નફો લે છે. તેમજ લાંબું દેવું ખેંચનાર કરતાં થોડું દેવું ખેંચનારને સસ્તી કિંમતે માલ આપે છે.

૩. અજાણ્યો માણસ સાચો છે કે નહિ તે વિષે પ્રથમ ખાત્રી કરવામાં આવશ્યક ગણે છે. તેથી અજાણ્યા માણસને તે પુરો નીવડે નહિ ત્યાં સુધી વ્યાપારિક ધોરણે તેના સાથે કામ કરે છે.

૪. તે બહુ બોલતો નથી, અને બોલવામાં ડહાપણ વાપરે છે.

૫. મનુષ્ય ધારે છે તે કરતાં થોડા પૈસા, થોડું ડહાપણ અને થોડી અક્કલ સાધારણ રીતે હોય છે.

૬. જેટલો માલ વેચાયો તેટલો બધાએ ઠીક વેચાયો એમ જાણતો નથી, પણ જેટલા માલની કિંમત મળતાની વસૂલ થઈ શકે તેટલોજ ઠીક વેચાયો એમ જાણે છે. જો માલના પૈસા આવ્યા ન હોય તો માલ વેચાયો એમ નહિ પણ મફતનો નાંખી દીધો એમ તે ગણે છે.

રીતે ધીરવો. થોડો નફો ખાઈને પણ જલદી નાણાં આપે એવાને માલ ધીરવાથી ઘણો લાભ થાય છે. લાંબી મુદતે નાણાં આપનારને વધારે નફો લઈને માલ વેચનાર કરતાં જલદી નાણાં આપી જનારને થોડે નફે માલ વેચનારા વ્યાપારી આખરે વધારે કમાય છે. એ વાત સારી રીતે ધ્યાનમાં રાખવી. આપણા વ્યાપારીઓ આ બાબતની ગણત્રી ગણતા હશે તોપણ તે પ્રમાણે અમલ કરતા નથી. એ ગણત્રી ઉપર બેદરકાર રહે છે, અને તેથી અમે તેમની આંખો ઉઘાડવાને ચોક્કસ રીતે મનમાં ઠસે તે માટે એક હિસાબ નીચે આપીએ છીએ.

જેમ જલદી નાણાં વસુલ થાય તેમ તે નાણા વ્યાપારમાં જલદી કામ આવે છે, નાણાની છુટ રહે છે, નાણાં વસુલ થાય તેથી બીજો નવો માલ મંગાવી શકાય. પણ જેનાં નાણાં વસુલ થતાં નથી તેને તે વસુલ થતા સુધી બેસી રહેવું પડે છે. અગર બીજી મુડી રોકવી પડે, કે તે ન હોય તો વ્યાજે નાણાં લઈ બીજો માલ મગાવવો પડે છે. એક વ્યાપારી દશ હજાર રૂપીઆની મુડીથી વ્યાપાર કરે છે અને તેના વેચાણનાં નાણાં ચાર ચાર મહિને વસુલ થાય છે, એમ ગણીએ તો તે વ્યાપારી દશ ટકા નફાથી ૭ વર્ષનાં કાંઈ પણ ખર્ચે ન કરે તો પોતાની મુડી વધારીને ૫૫૦૦૦ કરતાં પણ વધારે કરી શકે. પણ જો એટલાજ રૂપીઆની મુડીના વ્યાપારમાં એટલોજ નફો લે પણ છ છ મહિને રૂપીઆ વસુલ થાય તો [illegible] વરસમાં 31000 ની મુડી લગભગ થાય. પણ જો એટલીજ મુડી એટલાજ નફામાં રોકે ને બાર બાર મહિને રૂપીઆ વસુલ આવે તો લગભગ [illegible] રૂપીઆ થાય, અઢાર મહિને ૧૪૦૦૦ ને ચાલીશ મહિને લેવાથી [illegible] થાય. તેમજ તેથી બમણો નફો લે એટલે એકંદર વીશ ટકા નફો લઈ એ વરસે રૂપીઆ વસુલ કરે તો છ વરસે દશ હજારના [illegible] થાય અઢાર મહિને વસુલ કરવાથી ૨૦૦૦૦, બાર મહિને વસુલ કરવાથી [illegible]૦૦, છ મહિને વસુલ કરવાથી ૮૫૦૦૦ અને ચાર મહિને વસુલ કરવાથી [illegible]૦૦૦ થાય.

એ રીતે જો કોઈ દશ હજારની મુડીથી વીશ ટકા નફો લઈ માલ વેચે પણ વસુલ કરવાની મુદતમાં ફેર પડે તો છ વરસે, ચાર ચાર મહિને વસુલ કરનાર ૨૫[illegible]૦૦ કરતાં પણ વધારે મેળવે છે. ત્યારે એ વરસે વસુલ કરનાર માત્ર ૧૦૦૦ નો વધારો કરી શકે છે. કેમકે ચાર ચાર મહિને વસુલ કરનાર એ વરસમાં છ વખત રૂપીઆની ઉથલ પાથલ કરી શકે, ત્યારે એ વરસે વસુલ કરનાર માત્ર એકજ વાર કરી શકે છે. આ બાબતમાં વધારે પુરાવાની હું અગત્ય ધારતો નથી.

દરેક પ્રાણીના શરીરમાં થોડી ઘણી પણ ચરબી હોય છે. ચરબી એ તેલનું એક રૂપ છે. જે પ્રાણીઓનો વધ કરી માણસ તેને ખોરાક તરીકે વાપરે છે તે પ્રાણીઓના શરીરની ચરબીનો તેઓ તેલ તરીકે ઉપયોગ કરે છે. તેમ તે બીજી જાતનાં તેલ જોડે મેળવણી કરવામાં ઉપયોગી થાય છે. વળી ચરબીઓના તેલમાંથી સાબુ અને મીણબત્તી વગેરે બને છે. આવી ચરબી બીજા તેલની માફક સંચા, પૈડાં વગેરેના ખપમાં પણ આવે છે. વળી તેમ દરીઆના વસતી ઘણી જાતની માછલીઓના શરીરમાંના ચરબીમાંથી તેલ મળે છે અને એ તેલ અથવા ચરબીનો દીવો બાળવામાં, તળવાના કામમાં સાબુ વગેરેની બનાવટમાં તેમજ દવા તરીકે પણ ઉપયોગ થાય છે. આ સિવાય ગ્યાસતેલને મટીઓ કહે છે, તે ગ્યાસતેલ ખનિજ પદાર્થ છે.

પંજાબના લોકોએ કેરોસીન ઓઇલને મટીઓ એવું નામ આપ્યું છે. કેરોસીન ઓઇલ એ ખનિજ પદાર્થ છે. તેના જમીનમાં ઝરા હોય છે, વળી જમીનમાંથી એક બીજી જાતનું તેલ મળી આવે છે. અને તેને રોક ઓઇલ અથવા ખડકનું તેલ યા નારના કહે છે. આવાં ઘણા પ્રકારનાં તેલો છે, જેનો બહોળો વ્યાપાર ચાલે છે.

પીછાંનો વ્યાપાર.

પક્ષીઓની પાંખનાં પીછાંના રંગ જુદી જુદી તરેહના હોવાથી માણસો પણ તેમનો ઘણો ઉપયોગ કરે છે. પીછાંના મૂળ ભાગ તરફ ભાગને ઘડી તેનો લેખણ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. પીં-

કાપડ સંબંધી કાચો માલ અને તેની બનાવટ.

દોહરો—અવનવિ વસ્તુ ઇશ્વરે, આપી અપરંપાર;
અન્ન વસ્ત્ર આદિકથી, શોભાવ્યો સંસાર.

અનાજની તૃપ્તિ થયા પછી કાપડની ગરજ પડે છે અને અનાજ બરોબરજ કાપડની જરૂરીયાત રહેલી છે. શિયાળામાં ટાઢને લીધે શરીર-રક્ષણાર્થે, મિજાસ અથવા હોંસ તથા શોભાની આવશ્યકતાને લીધે મનુષ્ય માત્ર તમામને કાપડની જરૂરીઆત તો રહેલીજ છે. કાપડ સંબંધી કાચા માલમાં પ્રથમ તો કપાસ, ઊન, રેશમ, ફ્લ્યાક્સ, હેંપ, શણુ એટલાં તો મુખ્ય છે. એ સઘળાનું અત્રે વર્ણન કરવું યોગ્ય છે.

કાપુસ.

મૂળ ઉત્પત્તિસ્થાન અને પ્રાચીન ઇતિહાસ—ખેતી, કળા-કૌશલ્ય, વ્યાપાર અને તારમાલાઇ વાદિના ખપમાં આવતી માનનીય વસ્તુમાં કાપુસ મુખ્ય છે. કાપુસ જેવો માનનીય પદાર્થ બીજો એક પણ નથી. કાપુસ અત્યંત જુના કાળથી પહેલાંનો મળી આવે છે. મનુસ્મૃતિમાં કાપુસ, કાપુસનું કાપડ, કાપુસનું સુતર ઇત્યાદિની ચોરી અંગે ઘણુંજ શાસન લખેલું છે, અને કાપુસનું કાપડ બનાવનાર શિખીના બંધનમાં પણ તેમાં કેટલુંક લખેલ છે, તે ઉપરથી વિશેષ સિદ્ધ થાય છે. હિંદુસ્તાન કાપુસનું મૂળ ઉત્પત્તિસ્થાન છે, અને હિંદુસ્તાનમાંથી ઇરાન, અરબસ્તાન અને ચીન વગેરેમાં તેનો ફેલાવ થવા લાગ્યો છે. ખ્રિસ્તિ શક પૂર્વે હિંદુસ્તાનમાં સુતર, કાપડ વગેરે સઘળું બનતું અને યુરોપમાં હિંદુસ્તાનમાંથી કાપુસ જતું, તેના પુરાવા પુષ્કળ મળી આવે છે.

ઇ. સ. ૧૮૮૮ ની આખરમાં પાંચ વર્ષની સરાસરી કાઢતાં એકંદર હિંદુસ્તાનમાં ૧૮૦૫૬૮૦૦ એકર જમીન કાપુસ વાવવામાં રોકાયલી છે, અને ૬૮ લાખ હંડ્રેડવેટ વજન કાપુસની પેદાસ થાય છે, એવો અંદાજ સરાસરી કાઢવામાં આવ્યો હતો. ગરમ દેશમાં કપાસ સારો પાકે છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત, ભરૂચ, કાઠીઆવાડ, દક્ષિણ, ખાનદેશ, અહમદનગર, નાશિક, કર્ણાટક, ધારવાડ અને ... તરફ કપાસનું વાવેતર પુષ્કળ થાય છે. કાળી કસાળ જમીનને દગતી હોય તેમાં કપાસ સારો પાકે છે. ૩૦ થી ૪૦ ઇંચ વરસાદ

લાકડાંમાંથી રૂ.

જાપાનીસ પત્ર 'સાપ્પો સીમબુન' જણાવે છે કે મી. યકાહાસી કેનશીન નામના એક જાપાનીસે વાંસને રૂમાં ફેરવી નાંખવાની હેરતભરી શોધ કરી છે. મી. યકાહાસી કાંઈક અકસ્માતથી એ શોધ કરી શક્યા છે. કેટલાક અખતરા કરતાં તેમને અજાયબી રીતે જણાયું કે, જસતના ચોક્કસ તેજાબમાં રાખેલો વાંસનો એક ટુકડો નરમ પ્રકારની સફેદ વસ્તુમાં ફેરવાઈ ગયો હતો. આથી તેમણે એ અજમાયેશ ચાલુ રાખી, જેના પરિણામમાં તે ખાત્રી કરી શક્યા કે કોઈ પણ જાતનાં લાકડાંને સુંદર રૂમાં ફેરવી નાંખી શકાય છે. લાકડાંમાંથી રૂ બનાવવાની એ રૂઢી માટે નવ દેશોમાં પેટંટ લેવાયલું કહેવાય છે.

કાપડપર ચઢતો આર.

કાપડને આર ચઢાવવાનું કારણ એ છે કે કોઈ વજનદાર પદાર્થથી સુતરને તર કરીને તેનાં રૂવાંટામાં ચીકાશ લાવવી, કે જેથી તે પાનો વળ ઉકેલી ન જાય અને તાર જલદી તુટી ન જાય; અને રૂ ફેલાપન પણ ઓછો થઈ જાય. આર ચઢાવવાથી સુતરમાં ચીકાશ આવે છે, તેથી સુતરમાં મજબુતાઈ આવે છે અને એકદમ જતું નથી.

સુતરને કાપડ બનાવતા પહેલાં આર દેવાની ખાસ આવશ્યકતા આર ચઢાવ્યા પછી સુતરને તાણા ઉપર ચડાવી કામ કરવામાં આ તો બહુ હાનિ અને નુકસાન લાગે. આર દેવાનું કામ દેખીતું માં રણ જણાય છે, પણ તે એટલું સહેલું નથી. સારો આર બનાવવો ર દરેક તાર ઉપર એક સરખી રીતે ચડાવવો તે અનુભવ અને આ વડતનું કામ છે. કાપડ બનાવવાના સુતરને આર દેવામાં બે હેતુ એક તો પ્રમાણિક અને બીજો અપ્રમાણિક આર ચડાવવાના ત્રણ ક્રમ ૧ હલકો આર. ૨ મધ્યમ આર ૩ ભારે આર. હલકો આર ચ ઢાવવાથી સુતરનું વજન સેંકડે ૧૦ થી ૨૦ ટકા વધી શકે છે, મધ્ય મ આરથી ૨૦ થી ૫૦ ટકા વધી શકે છે, અને ભારે આરથી ૫૦ ૨૦૦ ટકા સુધી વજન વધારી શકાય છે. હલકો આર ચઢાવવાનો મ કસદ, સુતર મજબુત અને ચિકટ બનાવવાનો છે. આ ઉદ્દેશ પ્રમાણિ છે. મધ્યમ અને ભારે આર ચઢાવવાની મતલબ વ્યાપારની રસાકસી લીધે કાપડનું વજન વધારી સસ્તી કિંમત કરવાનું હોય છે. આ ઉદ્દે અપ્રમાણિક છે. આવી જાતનું તૈયાર થયેલ કાપડ જો કે દેખીતી રી

ચળકદાર અને સારૂં લાગે છે, પણ જ્યારે તે કપડું ધોવાય છે ત્યારે તે મદેલો આર ધોવાઈ જવાથી જાડી જાળી જેવું થઈ જાય છે. તાણો તૈયાર કર્યા પછી તેને શાળ ઉપર ચઢાવ્યા પહેલાં તેના ઉપર આર ફેરવામાં આવે છે; આર ચઢાવવાની હિંદની પુરાણી દેશી રીત સાદી છે અને તેમાં કોઈ ખાસ ઉપકરણની જરૂર પડતી નથી. પણ જમ્બે લાંબી લાકડીઓ કોઈક ઠેકાણે સામ સામી જમીનમાં ખોસી દે છે. તે લાકડીઓ ઉપર એક દોરીને બાંધી લે છે, અને તેના ઉપર તાણાને ફેલાવી દે છે. આ લાકડીઓ જેના ઉપર તાણો ફેલાવી દે છે તેને મટો કહે છે. પછી ચણ અને નારીયેળની પાણી તૈયાર કરેલ આરમાં બોળી બોળીને ફેલાવેલ તાણા ઉપર ફેરવે છે. પ્રાચીન કાળમાં હિંદુસ્તાનમાં ઘઉંનો મેંદો, ચોખા, જવ, વગેરેનો આર બનાવવામાં આવતો હતો. હિંદુસ્તાનમાં બારીક સુતર ઉપર જે આર ચઢાવવામાં આવે છે તે એ પ્રમાણે બનાવવામાં આવે છે કે, ઘઉંના મેંદાની રોટી બનાવી પાણીમાં ભીજવી દે છે, અને કેટલાક દિવસ સુધી પાણીમાં સડવા દે છે, કે જેથી તેનું ખમીર ઉઠી આવે. બીજે અથવા ત્રીજે દિવસે રોટલીના ટુકડાને આ પાણીમાં ફરી મસળે છે અને આ ઘોળો થયેલ લસદાર પદાર્થને પછી છણી લે છે.

આજકાલ હિંદુસ્તાનમાં હલકો આર સાબુદાણાનો લોઆણ કામમાં લેવામાં આવે છે. હલકા આરને માટે આ બહુ જરૂરની વસ્તુ છે. આલુ તથા આંબલીના બીયાને પલાળે એને પાણીમાં ખૂબ ઘેંટી દે છે. થોડી વારમાં આરના પદાર્થો નીચે બેસવા લાગે છે. જ્યારે બેસી જાય છે ત્યારે ઉપરનું પાણી નીચે જવા દે. પાણી આપે નીકળી ન જાય તેમ હળવેથી કાઢી લે છે.

મેંદાનો આર બનાવવા મેદાને ગરમ પાણીમાં પલાળીને ખમીર ઉઠાવવું જોઈએ આરમાં ચરબી, સાબુ, ખાપરેલ તેલ અને ખજુરનું તેલ વગેરે જુદાં જુદાં બનાવવા આરના નાંખવામાં આવે છે. આ નીચે આર બનાવવાના કેટલાક નમુના આપવામાં આવ્યા છે, તે બધાને બનાવ કેટલાક પ્રકારના કામમાં લેવાય છે.

હલકો આર—ઘઉંનો મેંદો ૩૨ ભાગ ચરબી ૨ ભાગ ૨ સાબુદાણાનો મેંદો. ૫૦ ભાગ આલુના ગરની ૧૦ ભાગ ચરબી ૫ ભાગ, અને સાબુ બે ભાગ કોઈ કોઈ વખત સાબુદાણાની સાથે ખાપરેલ તેલ મેળવવામાં આવે છે, જેથી સુતર સુંવાળું બને છે. ૩. આલુની શીરતી ૧૦૦ ભાગ, મીઠું ૫ ભાગ, ચરબી ૪ ભાગ, પાણી અંદાજથી. આ ત્રીજો પ્રયોગ વિશેષે કરીને જાડી સુતરને માટે છે.

મધ્યમ આર—ચરુનો મેદો ૧૦ ભાગ, ચીની માટી ૩૦ થી ૪૦ ભાગ, ચરબી ૧૫ ભાગ, ક્લોરાઇડ ઓફ મેગનીશીયમ ૧ ગેલન. ક્લૉરાઇડ ઓફ ઝીંક અર્ધો ગ્યાલન, કદાચ આ પદ્ધતિમાં ક્લોરાઇડ ઓફ મેગનીસીયમ ન નાખવું હોય તો ચરબીનું વજન દોઢું જોઇએ.

ભારે આર—મેંદો ૧૦૦ ભાગ, માટી ૧૩૦ ભાગ, ચરબી ૧૪ ભાગ, ક્લૉરાઇડ ઓફ મેગનીસીયમ ૧૮ શેર, ક્લૉરાઇડ ઓફ ઝીંક ૭ શેર. આ બધાનું ખમીર ઉઠાવવું જોઇએ. આર બનાવવાના જે જે પ્રયોગો આપવામાં આવ્યા છે, તે જેટલો જોઇએ તેટલો બનાવવો. પણ જુદા જુદા પદાર્થનું પ્રમાણ ઉપર જણાવેલા ભાગ પ્રમાણે અંદાજથી લેવું.

રેશમ.

મનુષ્ય માત્રને રેશમની જરૂર પડે છે; અને રેશમ તે કેવળ શોભા માટે સંઘરવું પડે છે. રેશમનો ઉપયોગ કંઇ મુખ્ય નથી, અને વાસ્તવિકપણે જોતાં શ્રીમંત અને ગરીબ સર્વની પોતપોતાની ગરજ મટાડવા સારૂ બન્નેનો હેતુ જુદો હોય છે. શ્રીમંત લોકોને ભુખ લાગે છે, ટાઢ વાય છે, તેજ પ્રમાણે ગરીબ માણસોને પણ ભુખ લાગે છે અને ટાઢ વાય છે. એ બન્ને ગરજ બન્નેને (ગરીબ અને શ્રીમંતને) ખાંગરી જરૂરની છે; પણ ગરીબ પોતાના ગજા સંપત્ત પ્રમાણે રેશમ સારૂ કરી સંતોષ માને છે, અને શ્રીમંત પોતાની ગરજ ભાગતાં પડેલા પોતાની હોંશ અને શોભા તરફ બરાબર લક્ષ ખેંચે છે. ગરીબ માણસની ભુખ બાજરીથી ભાગે છે અને શ્રીમંત લોકોને સાકર પૂરી જોઇએ છીએ. ગરીબ માણસની ટાઢ ધાબળી (કામળી) થી હઠે છે, ત્યારે શ્રીમંત લોકોને સાલદુશાલાની જરૂર પડે છે. બન્નેને ગરજ તો સરખીજ હોય છે પણ તે ગરજ ભાગવાનો પ્રકાર શ્રીમંતાઈ યા તો ગરીબી ઉપર છે.

રેશમનું મૂળ ઉત્પત્તિસ્થાન—રેશમનું મૂળ ઉત્પત્તિસ્થાન ચીન દેશ છે. એવું કહેવામાં આવ્યું છે. હિંદુસ્તાનમાં પણ કોઇ કોઇ જગોએ થાય છે. રામાયણ, મહાભારત વગેરે પુરાણ ગ્રંથો લખાણા તે વખતે હિંદુસ્તાનમાં રેશમ વપરાતું એવા પુષ્કળ પુરાવા મળી આવે છે.

રેશમ કીડાઓમાંથી ઉત્પન્ન થાય છે. જેવો કોઇએક પ્રકારનો બારીક દોરો આપણા શરીરમાંથી કાઢવામાં આવે તે પ્રમાણે રેશમ પણ એક કીડામાંથી કાઢવામાં આવતા એક જાતના દોરા છે. આ કીડાને રેશમી કીડા કહેવામાં આવે છે. રેશમની મુખ્યત્વે કરીને પાંચ

જાત છે. ૧. મલબારી રેશમ. તુતીના ઝાડ ઉપર ઉપજીવિકા કરનારા કીડામાંથી ઉત્પન્ન થતા રેશમને મલબારી રેશમ કહેવામાં આવે છે. ૨. ટસર. નરબારી રંગનું રેશમ. ૩. એરી. એરંડીના ઝાડપર આજીવિકા કરનારા કીડામાંથી નિકળતા રેશમને એ નામ આપવામાં આવે છે. ૪. મુગા. તે આસામ પ્રાંતમાં થાય છે. ૫. કાયકપુરા. તે બ્રહ્મદેશમાં થાય છે.

બંગાળા—રાજશાહ, મુર્શિદાબાદ, મોલદા, વિરભુમિ, મિદનાપુર, નદીઆ, બાંકુરા, બોગરા, કટક એ નગરોમાંનું મલબારી. તુતી ઝાડ પર પોતાનું પોષણ કરનારા કીડામાંથી નિકળતા રેશમને બંગાળ રેશમ કહે છે. તે સિવાય પંજાબ, વાયવ્ય પ્રાંત, અયોધ્યા અને મદ્રાસ, એ પ્રાંતનાં તુતીનાં ઝાડના કીડામાંથી નિકળતા રેશમને પણ બંગાળ રેશમ કહેવામાં આવે છે. બંગાળા રેશમની પેદાશમાં મુખ્ય છે. બંગાળા બરાબર વાયવ્ય પ્રાંત, કાશ્મીર અને મણીપુરનું રેશમ પણ સુંદર થાય છે. તેના જેવું બીજા કોઈ પણ સ્થળમાં થતું નથી. મહીસુર પ્રાંતમાં એક વખત આ કીડાની પરીક્ષા કરી હતી; પણ કોઈ રોગ લાગુ પડવાથી તે કીડા સર્વે મરી ગયા. નવીન પ્રયત્ન હજુ થયેલ નથી. મુંબઈ ઇલાકામાં કોઈ પણ જગાએ રેશમ પાકતું નથી. પુનામાં એક યુરોપીયને રેશમના કીડા માટે ખટપટ કરી પણ તે ચાલી નહિ.

પૂર્વે ઇસ્ટ ઇંડિયા કંપની આ રોજગારની દેખરેખ કરતી હતી. પણ પછી તેણે પોતાનું કારખાનું બંધ કર્યું. દેશી લોક થોડા ઘણા પણ એ કામ કરે છે. લીન્ડર એન્ડ કંપનીએ આ કામ સારૂ સરકારના ઉત્તેજનથી સારી ખટપટ વાયવ્ય પ્રાંતના અને મદ્રાસના ચલાવેલી હતી. ટોમસ વાર્ડલ સાહેબે રેશમના સંબંધમાં એવું કહ્યું છે કે "હિંદુસ્તાનમાં રેશમ બાબત આજકાલ મનોનિરોધ દુઃખ પડવાની એક વાત મારી દૃષ્ટિએ પડી છે. હું આખા હિંદુસ્તાનમાં ફરી આવ્યો. હું જ્યાં ગયો ત્યાં રેશમનું ઉદ્યમ કાપડ [illegible] ચીન અને જાપાન દેશના રેશમ કાઢવામાં અતિ દુઃખ પડે છે. વળી એક બંગાળા પ્રાંતમાં રેશમ એકઠી કરનારને નોકરી [illegible] છે. આપણા દેશના દરેક ઇલાકામાં એવું રેશમ દર કરોડ રૂપીઆનું આવે છે અને બહારથી લાખ રૂપીઆની કિંમતનું રેશમ બહાર દેશાવર જાય છે."

રેશમનાં કારખાનાં—રેશમ વણવાના કારખાના મુંબઈ, પુના, કલકત્તા, બનારસ, અમદાવાદ, જામનગર અને પોરબંદર વગેરે સ્થળોમાં છે. બંગાળામાં તો રેશમના નાના નાના કારખાનાં ઠેકાણે ઠેકાણે છે

આવે છે, અર્થાત્ અસંખ્ય છે. રેશમી વણાટ કામ બનારસના મુગટાઓ વગેરેમાં વપરાય છે, અમદાવાદમાં અતલસ વગેરેમાં વપરાય છે. જામનગરમાં ખાસ કરી કસબ કામ સાથે રેશમી સાડલા કે જેને અંબરના સાડલા કહેવાય છે તે ઘણા ઉત્તમ થાય છે.

ચીન દેશમાં ચીચેંડા પ્રાંતનો ઉત્તર ભાગ રેશમની ઉત્પત્તિ માટે પ્રખ્યાત છે. હટશન, કેંટિંગ, નાટસિન અને સાંઘાઈ બંદરથી નિકાશ થઇ રેશમ આવે છે. સાંઘાઇની બરોબર કંતાન બંદર રેશમના વ્યાપાર સંબંધમાં પ્રખ્યાત છે. ઇટલી દેશમાં લાંબર્ડી, પાયડેમાટ પરગણા રેશમની પેદાશી બદલ પ્રખ્યાત છે. રેશમનો ઉદ્યોગ ફ્રાન્સ દેશમાં પહેલા નંબરનો છે, તેની બરાબર જર્મની અને તેથી ઉતરનો ઇટાલી, ઈંગ્લાંડ અને સ્વિટ્ઝર્લાંડ. આખા યુરોપમાં રેશમ સબંધમાં ફ્રાન્સની ખ્યાતિ વધારે છે, તેવી બીજા કોઇ દેશની નથી. જર્મનીમાં રેશમી કાપડ પુષ્કળ તૈયાર થાય છે. રેનિશવેસ્ટ ફ્લાલિયા, બરગેન, ક્રેફેલ્ડ, અલસાસ લોરેન એ જગ્યો જર્મનીનાં રેશમનાં કારખાનાં સંબંધમાં પ્રખ્યાત છે.

પંજાબમાં રેશમના કીડા ઉછેરવા વિષે—મી એ. મેક કેરેક એમ. એ. બી. એસ. મા. લખે છે કે પંજાબ ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરના ૧૯૧૦ બુલેટીન નં. ૩ માં તે પ્રાંતમાં રેશમના કીડા ઉછેરવાની જે રીતો અખત્યાર કરવામાં આવી છે તેના પર જાણવા જોગ નોંધ વિષે જણાવવામાં આવ્યુ છે. તે નોંધ પંજાબના ઇકોનોમીક બૉટેનીસ્ટ મી. માસને એ જે બાનઓ એકઠી કરી છે તે ઉપરથી લેવામાં આવી છે, અને એમ. લાસ્યુમેટની 'સીલ્ક અને સીલ્કવર્મ' નામની બુક ઉપર તેનો પાયો રચાયલો છે, તથા ખાનપુર અને ગુરદાસપુર આગળનો ઉછેરવા સબંધનો બે વરસનો અનુભવ પણ કામમાં લેવામાં આવ્યો છે. આ નોંધ ઉછેરના સબંધી સ્થિતિને ખાસ લાગુ પડે છે. જે હેતુસર તે બહાર પાડવામાં આવી છે તે હેતુ પુરો પાડવો જોઇએ. એટલે જે ઓફીસરોના ફરજ રેશમના કીડા ઉછેરવા સંબંધી છે તેમને ઉપયોગી સલાહકાર થઇ પડશે તેટએ બુલેટીનના પહેલા ભાગમાં શેતુરનાં ઝાડો સાવચેતીથી ઉગાડવા સબંધી ઘણી અગત્યની ખબરો આપવામાં આવી છે. તેમાં જણાવવામાં આવ્યુ છે કે શેતુરની સઘળી સ્થાનિક જાતો, પંજાબમાં કીડા ઉછેરવા સારૂ બંધબેસ્તી થઇ પડશે, અને ફીલીપાઇનનાં શેતુર મોસમમાં જલદીથી ઉગાડવાને ખાસ કરીને ઘણાં ઉપયોગી થઇ પડશે. એમ માલુમ પડયું છે

તુરનાં ઝાડ બીયાંમાંથી, ફણગામાંથી અથવા તો કટીંગ (કાપેલી

આવે છે, અર્થાત્ અપખ્ય છે. રેશમી વણાટ કામ બનારસના મુગટાઓ વગેરેમાં વખણાય છે, અમદાવાદમાં અતલસ વગેરેમાં વખણાય છે. જામનગરમાં ખાસ કરી કસબ કામ સાથે રેશમી સાડલા કે જેને અંબરના સાડલા કહેવાય છે તે ઘણા ઉત્તમ થાય છે.

ચીન દેશમાં ચીચેંગ પ્રાંતનો ઉત્તર ભાગ રેશમની ઉત્પત્તિ માટે પ્રખ્યાત છે. હટશન, કેંટિંગ, નાટસિન અને સાંઘઇ બંદરથી નિકાશ થઇ રેશમ આવે છે. સાંઘઇની બરોબર કંનાન બંદર રેશમના વ્યાપાર સંબંધમાં પ્રખ્યાત છે. ઇટલી દેશમાં લાંમર્ડ, પાયડેમાટ પરગણા રેશમની પેદાશી બદલ પ્રખ્યાત છે. રેશમનો ઉદ્યોગ ફ્રાન્સ દેશમાં પહેલા નંબરનો છે, તેની બરાબર જર્મની અને તેથી ઉતરનો ઇટાલી, ઇંગ્લાંડ અને સ્વિત્ઝર્લાંડ. આખા યુરોપમાં રેશમ સંબંધમાં ફ્રાન્સની ખ્યાતિ વધારે છે, તેવી બીજા કોઇ દેશની નથી. જર્મનીમાં રેશમી કાપડ પુષ્કળ તૈયાર થાય છે. રેનિશવેસ્ટ ફ્લાલિયા, બરગેન, ક્રેફેલ્ડ, અલસાસ લોરેન એ જગ્યો જર્મનીનાં રેશમનાં કારખાનાં સંબંધમાં પ્રખ્યાત છે.

પંજાબમાં રેશમના કીડા ઉછેરવા વિષે—મી એ. મેક. કેરન. એમ. એ. બી. એમ. સી. લખે છે કે પંજાબ ડીપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરના ૧૯૧૦ બુલેટીન નં. ૩ માં તે પ્રાંતમાં રેશમના કીડા ઉછેરવાની જે રીતો અખત્યાર કરવામા આવી છે તેના પર જાણવા જોગ નોંધ વિષે જણાવવામાં આવ્યુ છે. તે નોંધ પંજાબના ઇકોનોમીક બૉટેનીસ્ટ મી. માનને એ જે બાનઓ અરજી કરી છે તે ઉપરથી લેવામાં આવી છે, અને એમ. લારગુનેટની 'સીલ્ક અને સાલ્કવર્મ' નામની બુક ઉપર તેનો પાયો રચાયલો છે, તથા 'નાગપુર અને ગુરદાસપુર આગળનો ઉછેરવા સબંધનો એ તરેહનો અનુભવ પણ કામમાં લેવામાં આવ્યો છે. આ નોંધ ઉછેરના સબંધી સ્થિતિને ખાસ લાગુ પડે છે. જે હેતુસર તે બહાર પાડવામા આવી છે તે હેતુ પૂરો પાડવો જોઇએ. એટલે જે આશામંગોના ફરજ રેશમના કીડા ઉછેરવા સંબંધી છે તેમને ઉપયોગી મદદકાર થઇ પડશે. તે-એ બુલેટીનના પહેલા ભાગમાં શેતુરના ઝાડો વાવવાનો અને ઉગાડવા સબંધી ઘણી અગત્યની ખબરો આપવામા આવી છે. તેના જણાવવામાં આવ્યુ છે કે શેતુરની સઘળી સ્થાનિક જાતો, પંજાબમાં કીડા ઉછેરવા સારૂ બંધબેસ્તી થઇ પડશે, અને ફીલીપાઇનનાં શેતુર મોસમમાં જલદીથી ઉગાડવાને ખાસ કરીને ઘણાં ઉપયોગી થઇ પડશે. એમ માલુમ પડયું છે કે, શેતુરનાં ઝાડ બીયાંમાંથી, કણગામાંથી અથવા તો કટીંગ (કાપેલી



ઉન.

શરીર આચ્છાદનનો હેતુ જે ટાઢનું નિવારણ તે ઉનથી પુરો પાડવામાં આવે છે. ઉન એ મેંઢાંનાં શરીર ઉપરનાં રૂંવાટાં છે; તે ભરવાડ લોકો ફાલ્ગુન માસમાં પ્રથમ કાતરે છે. એમ એક વરસમાં બે વખત ઉનની કાતરણી કરવામાં આવે છે. તેમાં ફાલ્ગુન માસની ઉન વધારે કિંમતી ગણાય છે.

ઉપયોગ અને ખપ—ઉનનું કાપડ કરવાનો રિવાજ ચાલે છે. શ્રીમંત, હોંશી અને ગરીબ તમામને ઉનની ગરજ પડે છે. ઉનની શાલો બને છે, જે શ્રીમંત લોકો વાપરે છે; અને બીજા ધાબળા ધાબળી વગેરે બને છે તે ગરીબ લોકોના ઉપયોગમાં આવે છે. ઉન તથા કાપુસ બન્નેનું પણ સાથે મિશ્રણ કરીને કાપડ વણવામાં આવે છે. આપણા દેશમાં બનાત, ધાબળા, શાલ અને નાના પ્રકારના પદાર્થો ઉનમાંથી કરવામાં આવે છે.

૧. બંગાળા—બંગાળામાં ઉનની પેદાશ ઘણીજ સારી થાય છે. તિબેટ અને ચીન દેશની જાતિનાં મેંઢાં પારણા વગેરે ઠેકાણે છે, અને સરકાર પણ તેને માટે સારી ખટપટ કરે છે. સિકિન અને તિબેટ દરસાલ બંગાલથી બેથી ત્રણ હજાર મણ ઉન આવે છે.

૨. મારવાડ—મારવાડ અને બિકાનેરમાં ઉત્તમ પ્રકારની ઉન તૈયાર થાય છે. મેવાડનાં મેંઢાં ઉનને માટે પ્રસિદ્ધ છે. જયપુરની ઉન મુંબઈ વગેરે સ્થળે વિશેષ આવે છે. આખા હિંદુસ્તાનમા ઉન આશરે બે કરોડ રતલ થાય છે.

રૂના ઉદ્યોગની માફક ઉનનો ઉદ્યોગ પણ ઘણો જુનો છે. એ સંબંધી હિંદુ ધર્મશાસ્ત્રમા ઘણા પ્રમાણો મળી આવે છે. બંગાળામાં કેટલી જુદી જુદી જાતનાં મેંઢા થાય છે તે જણાયલું નથી, પણ જે મેંઢાંઓ ત્યાં થાય છે તે કદમા, વાળમા અને દેખાવમાં બીજા પ્રાંતનાં મેંઢાં કરતાં ઘણો ફરક હોતો નથી, તે પણ તેઓની જાત હીંગણી હોય છે. બંગાળામા મેંઢાંની બે જાત હોય છે. એક ભુરા રંગના હોય છે અને બીજા કાળા હોય છે. બંગાળાના મેંઢાંના રંગ પ્રમાણે જુદાં જુદાં નામ આપવામાં આવે છે. બંગાળામા મેંઢાં ઉછેરવા માટે નજરી સંભાળ લેવામાં આવે છે. હાલમાં ખેતીના વિસ્તાર વધારે થવાથી મેંઢાંને ચરવાને જોઇએ તેટલી જગ્યા મળતી નથી. મેંઢાંના માલેક તેઓને થોડા મહિના ચરવાને પોતાના ઘરથી દૂર મોકલાવી આપે છે, અને જે પાસે જંગલ હોય છે તેમાં આ મેંઢાં ચરે છે. તેઓને



કરેલી છે, તેના મત મુજબ નીચે પ્રમાણેનાં કારણો જાપાનનો હોઝિયરીનો ઉદ્યોગ હિંદુસ્તાનના તે ઉદ્યોગ તોડી પાડે છે.

૧ સામાન બનાવવામા જાપાનીઝ લોકોની કુશળતા. ૨ તેઓનું સોંઘુ મશીનરી અને તેથી માલ બનાવવાની રીતો. ૩ તેઓની સોંઘી મજુરી. ૪ હિંદુસ્તાનના બજારો તરફ એઓએ બરાબર રીતે પહોંચાડેલું ધ્યાન. ઉપર જણાવેલા મત મુજબ જાપાનીઝ સરકાર હોઝિયરીના ઉદ્યોગવાળાઓને કંઈ પણ પૈસા સબંધી આર્થિકીના રૂપમા ઉત્તેજન આપતી નથી. પણ આગનબોટ ના પોતાના વ્યાપાર વધારવાને ઘણાં પગલાં લેતા તે બનાવ છે

મા. ક્રી એમ પનુ ... અંગ્રેજ એટલે ગંજીફરાક વગેરેનો ઉદ્યોગ કેટલાક ... [illegible]

[illegible]

સ્ત્રીઓ) ૧૧૦૦ છે. પુરૂષ કામ કરનારને રોજના ૧૨½ આના મળે છે, અને સ્ત્રી કામ કરનારીને ૬½ મળે છે. ૧૯૦૬માં નીચે પ્રમાણેના જથ્થામાં માલ બનાવવામાં આવ્યો હતો.

ગંજીફરાક નેકટી ૩૩૭૦૦૦ પાઉંડ કિંમતનો, મોજાં ૬૫૦૦૦ પાઉંડ કિંમતનો, હાથનાં મોજાં ૨૦૦૦૦ પાઉંડ કિંમતનો, જાંગીઆ ખમીસ ૧૬૦૦૦ પાઉંડ કિંમતનો, નાની ચડ્ડી ૮૦૦ પાઉંડ કિંમતની, શાલ ૧૧૦૦૦ પાઉંડ કિંમતની અને બીજો માલ ૧૦૦૦૦ પાઉંડ કિંમતનો કુલે ૪૬૭૨૦૦ પાઉંડ કિંમતનો માલ બનાવવામાં આવે છે. આ ઉપર હાલ ત્યાં ૧૦ ટકા જેટલો ફાયદો થાય છે, અને હજુ તે ઉદ્યોગ ઘણો ખીલશે એમ ધારવામાં આવે છે. હિંદુસ્તાનના મીલ માલેકોના જાપાનથી વધારેને વધારે જથ્થામાં આવતા માલની જાતને કિંમતની બરાબર થાય એવો માલ પોતાની મીલોમાં બનાવવાને ગોઠવણ કરે એમ આશા રાખી શકાય.

ઉનનો માલ.

-ઘેટાના શરીર ઉપરના વાળને ઉન કહે છે. તે ઘણા પોચા ને અતિ સુંવાળા હોય છે તેથી તેને ઉન કહે છે. તેનો ઘણો બહોળો વ્યાપાર ચાલે છે. ચાંમડાની ગાદીઓ તેમ કંતાનની ગાદીઓ ઉનથી ભરે છે અને જુદા જુદા રંગની ઉનની પુણીઓ બજારમાં ઘણી વેચાય છે. તેના તરેહવાર સુંદર કાપડ, મોજાં, રૂમાલ, આસનીઆં, ગલીચા આદિ અનેક જાતનો માલ ઉનનો બને છે, તેમ કાઠીઆવાડમાંના જામનગરના અને પોરબંદરના ભાગમાં તેમ મારવાડમાં ઉનના ધાબળા (કામળા) ઘણા નરસ બને છે, અને ત્યા બનતી કામળીઓ અને ધાબળીઓ હલકી કીમતના તેમ ભારે કામના હોય છે. ઉનની બનાવટનો મારવાડમાં મોટો જમવાડાનો વ્યાપાર ચાલે છે.

શાલો એ પણ ઉનની ઊંચી પંક્તિની બનાવટ છે. સાધારણ શાલોના જેવી ઉંચી કીમતના ધાબળીઓ મારવાડમાં બને છે. પણ શાલની બનાવટનું ખરેખરૂં મથક તો કાશ્મીર દેશ છે. વળી પંજાબ ઈલાકાના અમૃતસર, લાહોર વગેરે ઘણાં સ્થળોમાં પણ મોંઘી શાલો બને છે. શાલો દશ વીશ રૂપિયાથી માંડીને તે સો બસો અને હજારો રૂપિયાની કીમત લગીની હોય છે; અને તે તમામ જાતના પાકા રંગ અને સાચા કસબની હોયછે પણ દિન પ્રતિદિન આ દેશના બીજા ઉદ્યોગોની માફક આપણા દેશનો આ ઉદ્યોગ પણ કમજોર થવા લાગ્યો છે. કારણ કે,*

અમૃતસરમાં હાથ વણાતી શાલોમાં પણ વિલાયતી 'વાણો' દાખલ થયો છે. વળી લોકો કામળીઓ અને ધાબળીઓની જગ્યાએ વિલાયતથી આવતા (રગ) અને ધુસા વાપરવા લાગ્યા છે. કારણ કે આપણા લોકોમાં ખરું સ્વદેશાભિમાન છે નહીં. એટલું જ નહિ પણ વિલાયતી માલ સોંઘો અને દેખાવડો હોય છે, જ્યારે અહીંનો માલ કોઈ વાર દેખાવડો અને ટકાઉ હોય છે. આથી થોડા પૈસા ખરચે ભપકો મારવામાં વિલાયતી ઠીક પડે છે. આથી કરીને આગળના વખતમાં વપરાતી રૂની ડગલીઓ અને બંડીઓને બદલે વિલાયતી ઊનની બનેલી જુદી જુદી રંગની ચિત્ર વિચિત્ર જાતની ગૂંથેલી જાડી ફલાલીનો અને બનાતોનો વ્યાપાર આપણા દેશના તમામ ભાગમાં અને વળી કાશ્મીર, અમૃતસર વગેરે શહેરોમાં પણ ધમધોકાર ચાલુ થયો છે. અને જ્યાં જોઈએ ત્યાં વિલાયતી માલ સહેલાઈથી મળી શકે છે. આપણા દેશમાં તેવો માલ બનતો નથી, પણ હાલમાં એક 'લાગળ ઊનન ફેકટરી' નામનું ઊનનું કારખાનું નીકળ્યું છે, જેમાં ધુસા, ફલાલી વગેરે થાય છે. અને વિલાયતની માફક કામ આ કારખાનામાં, [illegible] થાય છે. વળી ઉત્તર હિંદુસ્તાનના કાનપુર શહેરમાં દેશી લોકોની [illegible] ઊનના કારખાનાં ઉભ[illegible] [illegible] છે [illegible] [illegible] ચિત્રવિચિત્ર રંગની ફલાલી, જુદા જુદા રંગની [illegible] [illegible] અને ધુસા તૈયાર થાય છે. [illegible] તો આ [illegible] [illegible]

આલપાકા—એ શાનો બને છે?

[illegible] આલપાકા [illegible] [illegible] આ [illegible] છે. [illegible] થાય છે. [illegible] આ [illegible] અને [illegible] પણ [illegible] છે. અને [illegible] [illegible] આલપાકા [illegible] છે. અને [illegible] પણ [illegible] આવ્યું છે.

જ્યુટ અને તેના રેસાનો વ્યાપાર.

શણુ, પાટ, તાગ, ભીંડી ઇત્યાદિ તંતુનાં ઝાડો હિંદુસ્તાનમાં પ્રથમથીજ વાવવામાં આવે છે; અને તે તંતુમાંથી જાડું કાપડ બારદાન વગેરે તૈયાર કરવામાં આવે છે. જ્યુટની વાવણી આખા હિંદુસ્તાનમાં એક કરોડ ત્રીસ લાખ એકર જમીનમાં થાયછે. તેમાંથી બે લાખ સાડત્રીસ હજાર મણ જ્યુટ પેદા થાય છે, એમ અટકળી શકાય છે. સરાસરી એક એકરમાં આશરે પદર મણ જ્યુટ ઉત્પન્ન થાય છે. વિશેષમાં વિશેષ ૩૨ મણ સુધી અને કમતીમાં કમતી ૩ મણ સુધી ઉત્પન્ન થાય છે.

જ્યુટની જાતો—નામદાર સરકારે મુંબઇ અને મદ્રાસ ઇલાકામાં જ્યુટ વાવવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો છે, પરંતુ એ દેશોમાં તેનાં ઝાડ ટકતાં નથી. જ્યુટની મુખ્ય પેદાશ અગીઆર જગ્યોએ છે, અને તે પ્રમાણે તેનાં નામો પડ્યાં છે. **૧ બકરાબાદી.** ઢાકા જીલ્લામાં થતું ઉંચી જાતનું જ્યુટ. **૨. ભરિયાલ.** યુરોપમાં દોરખાંડમાં થતું જ્યુટ જેની ભરડી જાત ઓળખાયછે. **૩. દવરા.** ફરીદપુર નજીક થતી જાત. બારજંગ વિગેરે સ્થળે થતું જ્યુટ. **૪. દેશી.** હુગલી, બરદ્વાન, જસોરા વગેરે સ્થળે થતા જ્યુટને દેશી કહેવામા આવે છે. **૫. દેશવાળ, ૬. જંગીપુર. ૭. કરીમગંજ. ૮. મીરગંજ. ૯. નારાયણગંજ, ૧૦ સિરાગંજ. ૧૧ ઉત્તરીયા.** આ પ્રમાણે [illegible] જાત મુખ્ય છે. જ્યુટમાંથી કોથળા, [illegible] તૈયાર કરવાનાં [illegible]

[illegible]

[illegible] જ્યુર્તી હતી, અને તેના [illegible] આવ્યા [illegible] તે મોટા પાયા ઉપર ચાલે છે. [illegible] વ્યાપારીઓને મળે છે. અને

દેશીઓ તો બિચારા તેના સાધનની ખામીને લીધે મહામહેનતે કુકશી ફોતરાં મેળવી સંતોષ માને છે. આ લોકો રેસા મેળવવામાં યાંત્રિક અને રાસાયણિક ક્રિયાઓ કામે લગાડવામાં આવે છે. આ ક્રિયામાં કહોવાણની મદદથી ખેડુતો છોડમાંથી રેસા મેળવે છે. કેટલાક ખેડુત છોડને કાપી તેની ભારીઓ બાંધી તળાવ કે ખાબોચીયાંમાં બુડાડે છે, ત્યારે પાંદડાં ખરી પડે છે. પાંદડાં વિનાની અથવા પાંદડાવાળી ગુણપાટના છોડવાની ભારીઓ ખેડુતો નદીના વહેતા પાણીમાં કે તળાવમાં બુડાડવાનું પસંદ કરે છે. બે દિવસથી તે પચ્ચીશ દિવસ સુધી ભારીઓને પાણીમાં બુડાડી રાખવી પડે છે, અને પછી છોડની છાલને નખવડે તપાસી તેના રેસા છુટા થાય છે કે નહિ તે તપાસે છે. રેસા છુટા પડ્યા છે એમ માલુમ પડતાં છાલની ઉપરની ત્વચા ઉખાડેલા છોડની દરશી કરી લઇ પથ્થરપર ઝીંક મારી જોરથી ધુવે છે. બરાબર ધોવાએલા જણાતાં તે પાછા સફાઇથી પાણીપર નાખે છે. પછી નીચોવી તડકામાં સુકવે છે. ગારવુડ નામના યુરોપીયને છોડવાની છાલ જુદી પાડવાનું એક યંત્ર શોધી કાઢ્યું છે, પણ તેની મદદથી રેસા કોહાણની મદદથી મેળવેલા કરતાં સારી જાતના ઉતરતા નથી, તેથી તેનો બહુ વપરાશ નથી.

ગુણપાટનો ઉદ્યોગ અને ગુણ.

જ્યુટના રેસાના ગુણપાટના કોથળા બને છે અને તે કોથળામાં જુદી જુદી જાતના અનાજ તેલીબીયાં ખાંડ વગેરે ભરી દેશમાં આવે છે, અને દેશમાંથી બહાર જાય છે. આ ગુણપાટના કોથળાનું કાપડ બંગાળા પ્રાંતના હિંદુ બંગાળા દેશી લોકો વગેરે બેસી હાથથી ચલાવવાના સાળ વડે સાધારણ રીતે મોટા જથામાં માલ પેદા કરે છે. આવી રીતે કેટલાક લાખની કીમતનો માલ ઉત્પન્ન થાય છે. હાથે ચાલતી સાળોના સંખ્યામાં ધીમે ધીમે પણ ચોક્કસપણે ઘટાડો થાય છે; અને જેમ મુંબઇ તથા અમદાવાદમાં રૂની ગીરણીઓ ઉભી થઈ છે તે પ્રમાણે કલકત્તાની આસપાસના પ્રદેશમાં એવાં કારખાનાં ઉભાં થયાં છે. જ્યુટનો વ્યાપાર અને ઉદ્યોગ સને ૧૮૫૨ ના વર્ષમાં એક ઈંગ્રેજ કંપનીએ પહેલું કારખાનું ઉભું કર્યું. અને ત્યાર પછી ૧૮૮૭ ના વર્ષ લગીમાં ૨૧ કારખાનાં કલકત્તાની આસપાસના પ્રદેશમાં સ્થાપવામાં આવ્યાં છે. બંગાળાની બહાર બે કારખાના છે—આમાંનું એક વાયવ્ય પ્રાંતના કાનપુર શહેરમાં અને બીજું મદ્રાસ શહેરમાં છે. આ બધાં કારખાનાં મળી ૫૦૦૦૦ મજુર કામ કરે છે. આ બધાં કારખાનાં

ઈંગ્રેજ વેપારીએ કબ્જે કરેલાં છે. દેશીઓને તો માત્ર મજુરી જ. લાખો મણ શુણપાટના રેસા સ્કોટલાંડ ચડે છે અને ત્યાં ૧૧૭ કારખાનાં કામ કરે છે. આપણા દેશની વનસ્પતિના રેસાનો પરદેશ ખાતે નિકાસ થાય છે અને તે લોકો તેમ પરદેશી ઈંગ્રેજો આ દેશમાં આવી તેમાંથી દોલતવાન થાય છે. અને આપણા દેશીઓને પેટપૂર રોટલો પણ મળતો નથી, એ આપણું મંદભાગ્ય છે. કુસંપ, સાહસ અને વિદ્યાની ખામીથી આપણે આ બધાં સંકટ ભોગવવાં પડે છે. ઈંગ્રેજો શુણપાટના રેસાને રેશમની પંક્તિએ ચડાવી શકે છે તે શી રીતે ?

પોટાશીયમ, સોડીઅમ વગેરેના પાણી જોડે રાસાયણિક સંબંધ થવાથી ઉત્પન્ન થતા દાહક ખાર (કોસ્ટીક) ને પાણીમાં ઓગાળી તેનું સખત દ્રાવણ બનાવે છે. આ દ્રાવણની ક્રિયા શુણપાટના રેસાપર થતાં આ રેસા રેશમ જેવા થાય છે. વળી એવી જ ક્રિયાના પ્રતાપે રેસા ઉનરૂપ પણ ધારણ કરે છે.

વનસ્પતિશાસ્ત્રી રોયલ કહે છે કે જ્યુટના રેસા ઝીણા રેશમ જેવા અને કાંતવાના કામમાં સારા છે. જ્યુટની જુદી જુદી જાતના રેસા સફાઈદાર અને ઝીણા તેમ બરસટ અને મજબુત હોયછે. આપણા દેશમાં એવી ઘણી જાતની રેસાદાર વનસ્પતિ છે. જેના રેસા જ્યુટ કરતાં પણ ઉત્તમ છે. પણ જ્યાં લગી તેનો ઉપયોગ થયો નથી ત્યાં લગી એ નહી કહેવાય નહી. ભીંડી, ૨ અને અન્ય જાતના છોડવા જેમાંથી રેસા મળી આવે છે, અને જેનાં દેશી નામ નહિં જાણવાને લીધે અહીં આપ્યાં નથી, ને બધા પર વિદ્વાનોએ પ્રયોગ કરવા જોઈએ છીએ.

જ્યુટના સુકા રેસા ૧૧૩ પૌંડ અને ભીનો રેસો ૧૨૫ પૌંડ વજન ઉપાડે છે. શણના ભીનો અને સુકો રેસો ૨૦૯ અને ૧૬૦ પૌંડ વજન અનુક્રમે ઉપાડી શકે છે. રેસાની સુંવાળાશ પાતળાશ અને લંબાઈ પરથી તેના ઉંચી નીચી પંક્તિના વણાટ વણાય છે છેક હલકી જાતના રેસાના દોરડાં બને છે. તેથી ચડતી પંક્તિના કોથળા, અને તેથી ચડતીના પડદા અને જાજમો વગેરે બને છે. વળી તેથી ચડતી પંક્તિનાનાં બંડી અને પહેરણો બનાવવાનાં કાપડ બને છે. વળી આ રેસા સુતર અને રેશમ જોડે મેળવી ગર્ભસુતરાઉ વણાટ તૈયાર કરે છે. પણ શુણપાટનો રેસો ૨ અને રેશમના રેસા જેટલો સારી પંક્તિ અને સારા આવરદાવાળો ન હોવાથી સુતરના અને રેશમના કાપડના આવરદા અને સફાઈમાં ઘટાડો થાય છે, અને તેથી તેની કીંમત ઘટે

આથી ફરીતે તેમનો વાપર આવા કામમાં ઓછો થાય છે વળી એમાંથી કાગળો બની શકે ખરા, પણ તેનો બહુ વપરાશ થતો નથી.

કાગળો અને કારખાનાંઓ.

આપણા હિંદુસ્તાનમાં અમદાવાદ, અંકલેશ્વર, પુના, કલકત્તા, બોરીઆ અને [illegible] આદિ ઠેકાણે જથાબંધ કાગળો બને છે, અને બીજે કેટલેક ઠેકાણે [illegible] પણ બને છે. તેઓ ચીંથરાંને સડવી, [illegible] પાણીની ટાંકીમાં તે માંહે મેળવી તેના તારના જાળીદાર [illegible] થએલ પરની ભીંતોએ ચોડી સુકવે છે. [illegible] પુરે છે તેથી [illegible] તૈયાર થાય છે [illegible] કેટલી ક્રમે કરે છે એ વિના [illegible] ચાલતા કાગળના કારખાનાં આપણા દેશમાં કેટલાએક શહેરોમાં જુદાં જુદાં [illegible] થયા છે પણ તેનો [illegible] કેટલો [illegible] કાગળની [illegible] નથી. [illegible]

[illegible]

[illegible] એ રીતે [illegible] કાગળને [illegible] પાણીમાં [illegible] છે, તેથી કાગળ [illegible] બને છે.

બ્લાટીંગ પેપર એટલે શાહી ચૂસનારા કાગળોને સરેસનું પાણી પાતા નથી. લાકડાં સાફ કરવાના કાંકરવાળા (કાચવાળા) કાગળો પણ આપણા દેશમાં આવે છે. એવા કાગળો બનાવવા હોય તો સાદા જાડા કાગળ ઉપર સરેસની લાઈ ચોપડીને કાગળને રેતી કે કાચની ભૂકીમાં દાબી દઈને તેને પછી સુકાવા દે છે, તેથી તે કાંકરવાળા બને છે.

ચોપડીઓનાં પૂંઠાં થાય એવા રંગબેરંગી ચામડાં ને લુગડાં જેવા પણ ટૂકડાંઓથી કાગળ આવે છે. ભીંતે લગાવવાની નક્શીદાર તકતીઓ પણ રંગ રોગાનથી એવી શોભીતી કરેલી હોય છે કે દૂરથી જોતાં આરસના તખ્તા જેવી દેખાય છે. વળી પંખા, મુખવટા, વગેરે અનેક ચીજો કાગળની આવે છે. વળી અમેરિકા જેવા પરદેશી દેશમાં કાગળનાં હેટો, ગાડીઓનાં ચક્રો, વગેરે ચીજો બને છે, અને તે મજબુતાઈ અને ટકાઉપણામાં સારી જણાવવામાં આવે છે.

શેરડીના છોતામાંથી કાગળો બનાવવામાં આવે છે-- લાહોરના કોન્સલ જનરલ, ગુન્ટર કહે છે કે, ત્રીનીદાદના એક ખાંડ બનાવનારે એક એવી શોધ કરી છે કે જેથી શેરડીના કુચાઓ આટલી હલકી કિંમતે ફેંકી દેવા પડશે નહિ. આ નવી શોધ પ્રમાણે શેરડીના કુચાને કાગળની મિલમાં [illegible] આવે છે. ત્યાં તેને કેટલાક કલાક સુધી ઉકાળવામાં આવે છે અને પછી કાગળ બનાવવાના સંચામાં મુકવામાં આવે છે. [illegible] એમ કહે છે કે [illegible] ઉપયોગમાં લેવામાં આવતા [illegible] બનાવવાનો ખર્ચ [illegible] છે. [illegible] કે આ રેટ [illegible] બનાવવામાં આવે છે તેની [illegible] કરેલા [illegible] તેની કિંમત [illegible] કાગળની [illegible] આવે તો [illegible] અર્થમાં પણ [illegible] નહિ હોય ત્યારે [illegible] વગેરેના [illegible] રહેલી નથી [illegible] અને [illegible] છે [illegible] થતી જાય છે, અને [illegible] પણ નાશ કરવામાં આવે [illegible] માટે કેટો બનાવવામાં આવે છે [illegible]

નુકસાનકારક છે, અને અમેરિકામાં તેનો અટકાવ પણ કરવામાં આવ્યો છે. એથી કાગળ બનાવવાને માટે લાકડાં સિવાય બીજા કોઈ પણ પદાર્થની જરૂર છે. જાપાનના મોટા સાયન્ટિસ્ટો પણ આજે કેટલોક વખત થયાં આવા પદાર્થો શોધવાની મહેનત કરે છે. હેલ્લા બોર્ડ ઓફ ટ્રેડ જર્નલ ઉપરથી જણાય છે કે એક જાપાનીઝ સાયન્ટીસ્ટે બકબ્હીટ નામના ઘાસમાંથી કાગળ બનાવવાનું શોધી કાઢ્યુ છે. એમ જણાવવામાં આવે છે કે એમાંથી જે કાગળ બનાવાય છે તે લાકડામાંથી બનાવેલા કાગળ કરતાં વધારે સુંવાળા અને ચળકતા થાય છે. વળી તેનો મ્હોટો ફાયદો એ પણ છે કે, તેનો ખર્ચ રતલપર ૭½ થી ૧૦ આના સુધી થાય છે; જ્યારે લાકડામાંથી કાગળ બનાવવા માટે રતલપર ૧૫ આનાનો ખર્ચ કરવો પડે છે. વળી લાકડામાંથી જે કાગળ બનાવવામાં આવે છે તેમાં એટલાં બધાં રસાયણો નાખવાં પડે છે કે બીજા પદાર્થોમાંથી બનેલા કાગળો કરતાં તે ઘણોજ ઓછો વખત ચાલી શકે છે. ઉપર જણાવવામાં આવેલી કાગળની ફેકટરી બનાવવામાં આશરે બે લાખ રૂપીઆની થાપણ જોઇએ.

હિંદુસ્તાનમાં કાગળની મીલો—ઇન્ડીયા ઓફીસમાંથી હમણાં કેટલાએક આંકડા બહાર પડ્યા છે ને ઉપરથી જણાય છે કે ૧૯૦૭ ની સાલમાં હિંદુસ્તાનમાં બધી મળી ૮ કાગળની મીલો હતી ત્રણ બંગાળામાં, ત્રણ મુંબઇમાં, એક ઇન્ડીયા પ્રાંતમા અને એક ગ્વાલીયરમાં. આ સઘળી મીલોની કુલ થાપણ ૫૩ લાખ રૂપીઆ હતો તેમાંથી નીકળતા માલની કિંમત જે ૧૯૦૬ માં ૬૩, ૬૧ લાખની હતી. તે વધીને ૧૯૦૭ માં ૭૨.૯ લાખ રૂપીઆની થઇ હતી. આ પેદાશ આજ સુધીના કોઇ પણ વર્ષમાં થયેલી પેદાસના કરતા મોટી હતી. ૧૯૦૪ ની સાલમા પેદાશની કુલ કિંમત ૬૧ લાખ રૂપીઆ હતી, તેમજ આયાત થયેલા કાગળની કિંમત પણ તેટલીજ હતી. ૧૯૦૭માં આ દેશમાં બનાવેલા કાગળની કુલ કિંમત ૭૩ લાખ અને આયાત થયેલા કાગળની કિંમત ૯૪ લાખ રૂપીઆ હતી. એટલે કે આયાત થતા કાગળના જથાની કિંમતમાં ૫૪ ટકા જેટલો વધારો થયો છે, જ્યારે અત્રે બનતા માલની કિંમતમાં ફક્ત ૧૯ ટકા વધારો થયો છે. જો કે હિંદુસ્તાનની મીલો પોતાનો વ્યાપાર આગળ વધારવાને પોતાનાથી બનતું કરે છે તેમ છતાં અજાયબ જેવું એ છે કે, કાગળની આયાત ઘણીજ વધતી જાય છે. છેલ્લાં પાંચ વર્ષમાં દરેક જાતના કાગળની થયેલી આયાત નીચલા કોઠા ઉપરથી જણાઇ આવશે.

	૧૯૦૪–૦૫ રૂપીઆ	૧૯૦૫–૦૬ રૂપીઆ.	૧૯૦૬–૦૭ રૂપીઆ.	૧૯૦૭–૦૮ રૂપીઆ.
છાપવાના કાગળો.	૨૧૬૮૧૦૫	૨૧૩૨૪૪૯	૨૮૩૩૬૩૨	૩૬૨૬૯૮૪
લખવાના કાગળો. અને પાટીઓ.	૧૮૯૪૮૩૮	૧૯૧૫૧૧૪	૨૨૬૬૭૧૪	૨૮૦૯૫૨૨
બીજી જાતના કાગળો	૨૦૯૫૭૭૫	૨૬૪૯૭૫૭	૨૫૭૫૩૬૬	૩૧૪૨૨૬૪
પુંઠાના અને જાડા કા.	૨૦૮૮૭૦	૩૫૧૬૪૮	૩૩૫૩૯૩	૩૫૪૪૯૨
કુલ.	૬૪૩૭૨૮૮	૭૦૪૮૯૭૮	૮૦૧૧૧૦૫	૯૯૨૪૨૬૨

જો કે વ્યાપારી ખીલવણીની દૃષ્ટિએ જોતાં આ આંકડાથી વધુ અજવાળું પાડી શકાય તેવું નથી; કારણ કે ઉપર કહ્યા મુજબ હિંદુસ્તાનમાં ૮ કાગળની મીલો છે! બંગાળામાં ત્રણ કાગળની મીલો છે, મુંબાઈ ઇલાકામાં ત્રણ છે, જોડીયા પ્રાંતમાં એક છે અને ગ્વાલીયરમાં એક છે. આ કારણથી હિંદુસ્તાનમાં બનેલા કાગળો અને આયાત થયેલા કાગળો પાંચ વર્ષના સરખાવેલા છે, તે કોઠો જોવાથી જણાશે કે એ પાંચ વર્ષમાં આયાત થયેલા કાગળના જથામાં ઘણોજ સારો . વધારો થયેલો છે; અને હિંદુસ્તાનમાં બનતા કાગળના જથામાં ઓછો વધારો થયો છે.

	હિંદુસ્તાનમાં બનેલા કાગળો રૂપીઆ.	આયાત–બહારના કાગળો. રૂપીઆ.
૧૯૦૩	૫૯૧૬૭૯૯	૪૮૯૯૬૩૦
૧૯૦૪	૬૧૪૮૪૪૬	૬૬૪૧૪૦૫
૧૯૦૫	૫૧૮૬૧૨૯	૬૯૯૫૬૫૫
૧૯૦૬	૬૩૧૯૮૪૦	૭૭૫૯૨૫૦
૧૯૦૭	૭૨૯૦૦૮૫	૮૮૩૪૮૬૫

આ ઉપરથી જણાશે કે આયાતમાં ૧૮૦૪ થી ૫૪ ટકા વધારો થયો છે, જ્યારે હિંદુસ્તાનમાં બનતા કાગળોમાં ફક્ત ૧૯ ટકાજ વધારો થયો છે. એક વખત એવો પણ હતો કે જ્યારે હિંદુસ્તાનની મીલો ૧૨ ટકા અને ૨૦ ટકા જેટલું વ્યાજ આપી શકતી હતી. વખતે આ સારૂં વ્યાજજ બીજી મીલો કાઢવાને લલચાવનાર કારણ થઇ પડયું હોય કે જેથી નવી મીલોએ જુની મીલોના કનાવલા અને અનુભવી કામદારોને લઇ લીધા. જેથી બજારમાં માલ એકદમ વધી ગયો. પરિણામ એ થયું કે કિંમત અને વ્યાજમાં એકદમ ઘણોજ ઘટાડો થઇ ગયો. આટલું છતાં હિંદુસ્તાનનો વ્યાપાર ભાંગી નહિ પડત પણ અમેરિકા અને યુરોપમાં લાકડાનો મેંદો વપરાશમાં આવવાથી તે દેશોનો વ્યાપાર એકદમ ખીલી

નીકળ્યો. તે દેશોમાં પોતાના ઉદ્યોગને રક્ષણ આપવાને માટે નંખાયેલા મોટા કરોને લીધે લાકડાના મેંદામાંથી બનાવેલો કાગળ ઘણી ફાયદાકારક રીતે વેચાતો હતો; જ્યારે તે દેશોને મીલોનો વધી ગયેલો કાગળનો જથ્થો ઇંગ્લાંડ, હિંદુસ્તાન અને સંસ્થાનોમાં મોટા જથ્થામાં મોકલવામાં આવતો અને તેની મ્હોંમાગી કિંમત તેમને મળતી. આ નવી યોજનાની સામા હિંદુસ્તાનની મીલો ટકાવ કરી શકી નહિ અને તેથી ઘણીક મીલોનો વ્યાપાર ભાંગી પડ્યો. પરંતુ આ લાકડાના મેંદામાંથી કાગળો બનાવવાનું હમેશાં ચાલવાનું નથી. થોડા વખતમાંજ તેની પડતી થવાનાં ચિન્હો જણાયાં છે. અને આખાં જંગલો કાપી નાંખે છે તેની બુમ ઉઠવા માંડી છે. આથી ફાયદો એ થશે કે હિંદુસ્તાનની મીલોનો કાગળોનો ઉદ્યોગ આબાદ થશે, અને જેમ જેમ લાકડાના મેંદામાંથી બનાવેલા કાગળોનો ખપ અને બનાવટ ઘટતી જશે તેમ તેમ હિંદુસ્તાનનો કાગળનો ઉદ્યોગ વધુ વધુ આબાદ થતો જશે. હિંદુસ્તાનના કાગળોની મીલોના અનુભવી એક વિદ્વાન લખે છે કે, જે જાતના કાગળો હિંદુસ્તાનમાં આયાત થાય છે તેવા કાગળો હિંદુસ્તાનમાં નથી બનતા; પણ મોટા જથ્થામાં તેવી જાતના કાગળો જો હિંદુસ્તાનમાં બનાવાય તો ઘણો સારો નફો થઇ શકે. પણ જો મીલોમાં સાંચાકામ ઉત્તમ પ્રકારનું હોય અને ઘણા મોટા જથ્થામાં કાગળો તૈયાર કરવાની શક્તિ હોય અને બનાવેલા કાગળો સારા થાય તોજ આ પરિણામ મેળવી શકાય. જો આવી રીતે હાલની પદ્ધતિ ઉપર રચાયલી મીલ હોય અને અંદર ઉત્તમ પ્રકારનું સાંચાકામ અને દેખરેખ હોય તો તે મીલને મોટો નફો મળ્યા વગર રહેજ નહિ.

જાપાનનો કાગળોનો વ્યાપાર—પરદેશ ખાતાના વ્યાપારને લગતી પાર્લામેન્ટ ખાતેથી બોર્ડ ઓફ ટ્રેડે સને ૧૯૦૯ના વરસના કામકાજનો અહેવાલ પ્રગટ કર્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે જાપાનના કાગળના બજારનો આધાર એક વરસમાંથી બીજા વરસ માટે લઇ જવામાં આવેલા જથ્થા ઉપર રહે છે. ઇંગ્લાંડના ભાવનો જાપાનના ભાવ સાથે કોઇ પ્રકારનો સબંધ રહેતો નથી. પરદેશી કાગળ માટે દર વરસે ૧૫ ટકા જેટલી વધારે માગણી થતી જાય છે. અને ૧૯૦૯ના વરસ દરમ્યાન સામાન્ય રીતે ઘટાડો થવા છતાં વ્યાવહારિક રીતે તમામ જાતના કાગળના આયાતમાં નમુનાજેમ વધારો થયો હતો. સને ૧૯૦૮ના વરસની આખરે છાપવાના કાગળનો ઘણો થોડો જથ્થો વધ્યો હતો; તેથી ગયા વરસે ભાવ ઠીક ટકી રહ્યા હતા, પરંતુ ચીતરવા માટેના કુશ્કેલ

અને રોનકદાર કાગળોનો ઘણો મોટો જથ્થો સિલક હોવાથી તેના ભાવ ઘટયા હતા. હલકી જાતના જાપાનીઝ કાગળોને બદલે સરક્યુલર પેપર નામનો કાગળ વપરાય છે. તેની એટલી માગણી ચાલી હતી કે, જાપાનીઝ કારખાનાંઓએ તેવીજ જાતનો કાગળ બનાવવા માંડયો, અને તે સ્થાનિક બનાવટ એટલી સંતોષકારક નીવડી કે જેટલો જથ્થો જોઇએ તેના ¾ ભાગ જેટલો ભાગ તો જાપાનમાં બનવા લાગ્યો છે. જાપાનીઝ કારખાનાંઓએ પોતાની બનાવટનો માલ ઘણો સુધારવા માંડયો છે. પહેલાં જાપાનીઝ બનાવટનો સારામાં સારી જાતનો કાગળનો ભાવ દર રતલનો ૭½ યેન જેટલો ઉપજતો હતો; પણ હવે તેઓ એવી જાતનો કાગળ પણ બનાવે છે કે તેના રતલ દીઠ ૧૦ થી ૧૦½ યેન ઉપજે છે. સને ૧૯૦૮ ના વરસની આખરે છાપવાના કાગળનો જથ્થો આગલા વરસ કરતાં પણ ઘણો ઓછો વધ્યો હતો જેથી ભાવ ટકી રહેવા જોઇએ. કોન્ટીનેન્ટલ ન્યુસપેપર કંપનીની હરીફાઇને લીધે સ્થાનીક કારખાનાવાળાઓને દર રીમ દીઠ $\frac{1}{10}$ યેન જેટલો ભાવ ઘટાડવો પડયો હતો. એક મોટા દેશી કારખાના તરફથી થોડા વખતમાં ચાર નવાં યંત્રો ગોઠવવામાં આવનાર છે, જેથી આશરે ચાળીસ લાખ રતલ જેટલો કાગળ દર માસે તૈયાર કરવામાં આવશે અને એમ ધારવામાં આવે છે કે, તેથી કોન્ટીનેન્ટલ ન્યુસપેપર કંપનીના કાગળની આયાત ઘણી ઘટશે. સામાન્ય રીતે રીપોર્ટવાળા વરસ દરમ્યાન કાગળનો જથ્થો સંતોષકારક રીતે ઉપડી ગયો હતો. એ ઉપરથી લાગે છે કે સને ૧૯૦૮ ના વરસ દરમ્યાન નાણાંબજારમાં જે ભારે તંગી હતી તે પણ આયાત ઘટવામાં એક કારણરૂપ હતી સને ૧૯૦૭ના ૮૫૦૪૪૯૮, ૧૯૦૮ મા ૬૩૧૯૫૩૦ અને ૧૯૦૯માં ૮૭૧૮૦૧૮ યેન જેટલી હતી

વાંસમાંથી બનાવવામાં આવતા કાગળો-મીરશુમીસ પેપર મીરશ નામની એક કંપની ફોરમોઝા નામના ટાપુમાં વાંસમાંથી કાગળ બનાવવાને હાલ કામ કરે છે અને તે કંપની મહિને દહાડે ૩૦૦ ટન જેટલા કાગળ બનાવવાની શક્તિવાળાં મશીન ધરાવે છે. આ સંબંધના પ્રયોગો કોબાના પહેલા કરવામાં આવ્યા ના ટાપુસીના કોન્સલના રીપોર્ટ મુજબ એ કંપનીએ કાંઠે આશરે ૮૦૦ એકર જેટલી જમીનનું જંગલ ઘણીજ સારી શરતે સરકાર તરફથી મેળવ્યું છે નીચે પ્રમાણે વાંસમાંથી કાગળ બનાવવાના વ્યાપારિક ધોરણમાં કેટલો સુધારો થયો છે અને તે રીતથી કેવા લાભ. કાગળ બનાવવાની રીત કંઇ નવી નથી, પણ ઘણા જમાના પહેલાથી ચીનાલોકો વાંસના ભુંગળામાંથી કાગળ બનાવતા આવ્યા છે પણ તેઓની જે બનાવવાની રીત છે તે ઘણી

જુના જમાનાની છે. તેઓ જે રસાયન પ્રમાણે હાલમાં બનાવે છે તે પ્રમાણે બનાવતા ન હોવાથી એ રીત એટલી બધી લોકની દૃષ્ટિએ રહી નથી.

આ હાલ નવી ઉભી થએલી કંપની દરેક જાતના જુના કે નવા વાંસ એ સંબંધમાં વાપરશે, પણ ખાસ કરીને કીચીકુ નામની જાતના વાંસનો હમણાં ઉપયોગ કરશે. તે વાંસ એટલા બધા જલદી ઉગી નીકળે છે કે, તેઓને એ બાબતનો ટોટો જરા પણ પડશે નહિ. હાલમાં જેટલા પ્રયોગો કરવામાં આવ્યા છે તે લાકડાના અને વાંસના માવાની એક બીજાની મેળવણી કર્યા પછી તેમાંથી કાગળ બનાવવામાં આવે છે. પણ થોડા વખત પછી એકલાજ વાંસના માવામાંથી કાગળો બનાવવાના પ્રયોગ કરવામાં આવશે. એમ ધારવામાં આવે છે કે આ કંપની પોતાની મશીનરી અને પ્લાન આવી પણ ગયા હશે, અને જુન ૧૯૧૦ માં સઘળું કામ શરૂ પણ થઇ ચુક્યું હશે. જે પ્રોસેસ તેઓ કામે લગાડવાના છે તે નરમ સલફાઇટનો છે. કાગળ બનાવવાની રીત નીચે મુજબઃ–

૧ વાંસમાંથી એક બે ઇંચના કટકા બનાવવા. ૨ સલફાઇટથી અથવા કેલસીયમથી તેને ઉકાળવા. ૩ પાણીથી સાફ કરવા. ૪ પાઉડરથી અથવા વીજળીથી સાફ કરવા પછી ધોઇ નાંખવા. ૫ એક જાતમાં તેઓને ખેંચવા. ૬ સ્ટીમથી સુકવવું. ૭ ગેલરથી અમુક સાઇઝમાં કાપવા. જે માવો તૈયાર થશે તે જાપાન ચડાવવામાં આવશે. અને ફાબીની મીલ તેમાંથી પ્રિન્ટિંગ પેપર બનાવે છે. આ ઉદ્યોગપર દુનિઆનું ધ્યાન દોડાશે. કારણ કે આ પહેલ વહેલાં વાંસના માવામાંથી કાગળ બનાવવાના છે, અને જો આ ઉદ્યોગની જેટલી જોઇએ તેટલી ફતેહ મળશે તો છેક પૂર્વમાં એક નવા ઉદ્યોગને ઘણું સારૂં વિશાળ ક્ષેત્ર મળશે. અને જે હાલમાં કાગળ બનાવવાની વસ્તુ માટે બી રખાય છે, તે આ નવા ઉદ્યોગથી દુર થવા પામશે.

નેતરનો હુન્નર.

નેતર એ એક વાંસની જાત છે. માંથી સારૂં નેતર અને ઉત્તમ કારીગીરી જાપાન, સીંગાપુર અને વિયેનામાં તૈયાર થાય છે. આ દેશમાં વાંસના ખેતી કવ્ચીતજ કરવામાં આવે છે.

હિંદુસ્તાન માટે જે જે નવા ઉદ્યોગો ખીલવવા માટે ધ્યાન ખેંચવામાં આવ્યું હતું, અને એમાંના કયા ઉદ્યોગો હાલની હરિફાઇના

બખતમાં ટકવા પામશે એ કહેવું અશક્ય છે. એમાંના કેટલાક ઉદ્યોગો કે જે ફ્લેન્ડમાં નિવડ્યા નથી તેનું કારણ હાલના જમાનામાં ઉપયોગમાં આવતાં મશીનો, કેળવાયલી મજુરી અને પૂરતા જથામાં માલ નહિ મળવાને લીધે કે ૠતુ અનુકૂળ નહિ હોવાથી ફ્લેન્ડમાં નીવડ્યા નથી. પણ ઉદ્યોગ ચલાવનાર માણસો કામદાર વર્ગની પાસે કયા પાયાપર કામ લેવું, તેને લીધે ઉપરી દશા પામી ચલ્યા છે. એમાંના કેટલાક ઉદ્યોગ તે જણાતા નથી કે જે પરદેશી હાથમાં જેવામાં આવ્યા હતા પણ જે અંતેપર ફ્લેન્ડમાં નીવડ્યા નહોતા તે નીચે જણાવ્યા છે. માખું બનાવવાનો, પેન્સીલ, મશીનને લગાવવાના, અરે સ્માધન. કાચની બનાવટ, મોચ અને ટોપી, પીઅના, કપડાપર છાપ મારવાનાં મશીન, તારના ખીલા, ધાતુ અને એવી વસ્તુપર છાપ મારવાનો વગેરે.

ઉપરના ઉદ્યોગોમાંના કેટલાક આયરિશ અને કેળવાયેલા માણસ કારખાનામાં ન હોવાને લીધે ફ્લેન્ડમાં ફ[illegible] શક્યા નહોતા. જ્યારે બીજા ઉદ્યોગોમાં અનુભવી માણસોની મદદ વગર કામ કરવાને લીધે સારું પરિણામ લાવી શક્યા નથી

કેટલાક જાતના નવા ઉદ્યોગો ફ્લેન્ડ પામ્યા છે—જે ઉદ્યોગો ફ્લેન્ડમાં થયા છે તે, [illegible] બખત જતાં એમાં સુધારો [illegible] એ ધ્યાનમાં રાખવાનું છે [illegible] એક વખત [illegible] વખત [illegible]

[illegible]

વાળું વાંસનું કેવું સારૂં ફરનીચર બનેછે, તેનો ખ્યાલ એને માટે યુરોપમાં ખાસ વરાળથી ચાલતાં કારખાનાં ઉઘાડવામાં આવ્યાં છે. તેથી થાય છે. વાંસનું છેક જમીન આગળનું લાકડું ઘણું સખ્ત હોય છે, અને જો એ લાકડું ખરી રૂતુ વખતે કાપવામાં આવે તો સાગના લાકડાની માફક ઘણો લાંબો વખત સુધી તે જવાબ આપી શકે છે. એની બહારની જાડી છાલમાંથી જનાવરની ચામડી કાઢવાને છરીઓ બનાવવામાં આવે છે. વાંસપરની નરમ છાલ કાગડાની દોરી વણવા માટે વાપરવામાં આવે છે. ફ્રાન્સ, જર્મની અને આસ્ટ્રીયામાં વાંસ રંગવાના ઘણા સંભાળ ભરેલા ઉપાયો લેવામાં આવે છે. કે જેથી લાકડામાં જે કીડા થવા પામે છે તે થતો નથી. મુંબઇમાં એક પારસી રંગનારે પાંચ સાત વર્ષની વાત ઉપર કાળો, ભુરો, રાતો, લીલો અને નારંગી વગેરે રંગો એની ચામડીને જરા પણ વગર આંચ આવે ચડાવ્યા હતો. ને તેણે પ્રદર્શનમાં મુકેલ હતો. તોપણ તેને યોગ્ય ઉત્તેજન મળી શક્યું નહોતું. તેનું કારણ કે આપણા લોકમાં વાંસના લાકડાની ચીજો ફરનીચરમાંથી બાતલ કરેલી છે. આ વાંસપર જે રંગો ચડાવવામાં આવે છે તે ભાગ્યે જ જાય છે. હવે જો ઉપલો ઉદ્યોગ ખીલવવો હોય તો એની બાબતનું પૂરતું જ્ઞાન સંપાદન કરવું જોઇએ કે જેથી એમાંની ચીજો જે બનાવવામાં આવે તે હાલના જમાનાને બરની થઇ શકે. નહિ તો હિંદુસ્તાનમાં જે અસલ કસબ અને હુન્નરો હતા તેમાં હાલના સુધારો વધારો ન કરવાથી અને અજ્ઞાન માણસના હાથમાં પડવાથી ઘણાખરા પડી ભાગ્યા છે. તેના જેવી સ્થિતિ નેતર અને રતનની થશે. હવે ઉપલા હુન્નરોને ખીલવવાને અત્યારે શું કરવું જોઇએ, તે વિચારવું જરૂરનું છે. ઘણનું કામમાં વાંસની ચીજો કેટલી ઉપયોગની થઇ પડે છે, તે થોડાકજ હિંદીઓને ખબર હશે. જેઓએ જાપાનીઝ ઘરના ચિત્રો જોયા હશે, તેને ઘણો સારો ખ્યાલ આવશે કે રાંધવાના વાસણો, ફરનીચર, બારીઓ, દોરડા, સુવાને માટે હલિયારો, ફલાવર સ્ટેન્ડ વગેરે વાંસના બનાવવામાં આવે છે. હવે પહેરવાના કપડાં પણ વાંસની બનાવવામાં આવે છે. એ સંબંધી જાપાનમાં ઘણી ચોપડીઓ લખાયેલી છે અને જો એના નમુના જુદી જુદી ભાષાઓમાં કરવામાં આવે તો આવા ઉપયોગ ભરેલા હુન્નરનું જ્ઞાન ફેલાશે. પહેલાં તો વાંસની કેટલી જુદી જાતો છે, તે જાણવાનું છે. અને જાપાનમાં તેની કેટલી ખેતી થાય છે. તે જાણવાનું છે.

જાપાનથી નિકાસ કરનારા વ્યાપારીઓ આથી નેતર શું છે તે જાણતા નથી. એ કે તે તેમના દેશમાં ઘણા સારા જથ્થામાં ઉગે છે. આપણા દેશમાં નેતરની ચીજો એના કારીગરો બનાવે છે. તેઓને ટેવ

રીતે ચીપો કાડવી તેનું બરાબર જ્ઞાન ન હોવાથી ચીપો કાડતી વખતે નેતરને ઘણું નુકસાન પહોંચે છે. જો કે આ સંબંધમાં નેતરપર કામ કરનારાઓ તરફથી સુધારો થવાનો ઘણો અસંભવ છે, તોપણ એ સંબંધમાં કોઈ પણ ખાનગી માણસ અથવા સરકાર એમાં સુધારો દાખલ કરે તો એ ધંધામાં ઘણો ફાયદો થાય. જે પૈસાદાર માણસ કેળવણીના ઉત્તેજન માટે લાખો રૂપીઆ આપે છે તેવા ગૃહસ્થે ઉપલા જેવા હુનર સંબંધી સુધારો કરવાને તથા વધારે સારા પાયાપર એ હુનર મુકવાને બનતા પ્રયાસ કરી રૂપીઆ ખરચાય તો એ દેશને કેટલો બધો લાભ કરી શકે. એવાં માણસોને નીચે મુજબ સુચના કરવામાં આવે છે. જે લોક સંભાળથી અને સ્પષ્ટપણે પોતાને જે લાગે તે કહે એવા માણસોમાંથી ત્રણ જણની ચુંટણી કરી તેમને બેથી ત્રણ વર્ષ જાપાનમાં નેતરની ખેતી સંબંધી માહિતી અને હુનર શીખવાને મોકલવા. હવે ઉપલા જે ત્રણ વિદ્યાર્થીઓને મોકલવામાં આવે તેઓએ એ કામ જુદા જુદા ભાગોમાં વહેંચી લેવું. એથી કોઈપણ જેમ અતિશય બોજાથી અને શ્રમથી શીખેલું વ્યર્થ જાય છે, તેમ થવા ન પામે. પણ દરેક પોતાના હાથ લીધેલા કામમાં ઘણા સારા વાકેફ થઈ શકે. જ્યારે તેઓ તે દેશમાંથી પાછા ફરે ત્યારે તેઓએ પોત પોતાના અભ્યાસમાં શું નોટ લીધી, રેખા પાડયા, જુદી જુદી કારીગરીના નમુના અને એ ઉદ્યોગમાં કઈ કઈ જાતના ઓજાર વપરાય છે, તે સાથે લાવે કે જેથી જ્યારે પોતાના અભિપ્રાયને સાબીત કરવું હોય ત્યારે ઉપલી વસ્તુઓ તેમના આગળ બતાવી શકે કે જેથી તેઓને એ ઉદ્યોગ માટે કેવું સારૂ ક્ષેત્ર છે અને એ ઉદ્યોગ કેવી સારી રીતે બેઠો કરાય છે. તેનો ખ્યાલ પાડી શકાય.

વિદ્યાર્થીએ કે [illegible] પાછા [illegible] આવે તેઓની પહેલી ફરજ એ છે કે તેમના [illegible] જાતના બાંધા તથા મશીનો મોકલવા અને તે માટે [illegible] શકાય છે અને [illegible]

નેતરપર [illegible] માટે વધારે સારો છે. આવા હળવે [illegible] આવે છે તેને લીધે જો પૈસાદાર માણસ [illegible] તો બંનેનો અન્યોન્ય [illegible] ટોપલી બનાવવાનો ઉદ્યોગ [illegible] નહિ પણ તેઓ જુદા જુદા જાતના [illegible] જુદી જુદી જાતના વસ્તુઓ [illegible] ઉપર લગાડવાથી ચાખી શકે છે.

નેતર અને રેટનનો ઉદ્યોગ ઘણો સારી રીતે ખીલવી શકાય તેવો છે, તેમજ ઘણો સારો ઉદ્યોગ છે. પહેલું એ માટે જોઈતી ચીજો ઘણા સારા જથ્થામાં અને સસ્તી કિંમતે મળી શકે છે; અને એ હુન્નરમાં જોઈતાં હથિયારો પણ સાદાં હોય છે, અને જે ઘણા ખરા લાકડામાંથી બનાવવામાં આવે છે. ખુરશી ઇત્યાદિ ભરવામાં જેટલો નેતરનો ઉપયોગ થાય છે અને કારીગરોને રોજી મળે છે એટલી કારીગરોને ઉપલા ધંધામાં રોજી મળી શકે તેમ છે. આ ઉદ્યોગને જો પુનઃ ખીલવવો હોય તો તેની હાલમાં કેવી સ્થિતિ છે, એ ઉદ્યોગમાં કઇ રીતો વપરાય છે અને બીજા દેશોમાં કઈ રીતો વપરાય છે, શું શું ચીજો એમાંથી બને છે, અને કેટલી જાતની નેતર અને રેટન વપરાય છે, તેનો ખાસ જો અભ્યાસ કરાશે તોજ એ ઉદ્યોગ પુનઃ ખીલવા પામશે. વાંસની વસ્તુઓ કે જે હાલ ઘરગતુ તરીકે વપરાય છે, તેની તેના કારીગરોને ઘણી જુજ જેવી કિંમત ઉપજે છે. પણ હવામાં ઉડતાં એરોપ્લેનમાં જે વાંસની ફ્રેમો જુદી જુદી જાતના રંગની વપરાય છે તે માટે ખાસ હોંશીઆર માણસો એ પર ધ્યાન આપે તો થાય. કારણ કે એમાં વપરાતી વાંસની ચીપો મજબુત અને સારા રંગની હોવી જોઇએ.

કેળ અને તેમાંથી થતા ઉદ્યોગો.

હાલનો જમાનો કૂચામાંથી પૈસા પેદા કરવાનો છે, માટે જે વસ્તુઓ નકામી ગણી કાઢી નાખવામા આવે, તેનેજ ઉપયોગમાં લેવાથી નવા નવા ધંધાનાં સાધનો ઉભાં થશે. કેળના ઝાડમાંથી રેસા કાઢવાનો ઉદ્યોગ હવે ઘણો આગળ વધ્યો છે. કેળના ઝાડની ખેતીનુ કામ ઘણું સસ્તુ અને સગવડ ભરેલુ છે. એ ઝાડની ખેતી પાછળ થોડી કાળજી પણ રાખવી પડે છે, અને તેની ખેતીમાવાવ જો બરાબર કરતાં આવડે તો સારું નફાકારક પરિણામ ઉપજાવી શકાય છે. હિંદુસ્તાનના જે જે ભાગોમાં કેળની ખેતી થાય છે તે તે ભાગોમા તેના ફળ તથા ઝાડના જે જે જુદા જુદા ઉદ્યોગો થતા હોય તેની નોંધ ઉત્સાહી જનોએ જાતે ફરીને મેળવવી જોઇએ. તથા એ ઝાડની ખેતીમાં શુ શુ સુધારા કરવા જરૂરના છે તે બીજા દેશોમાં એ ઝાડની જે કેળવણી થાય છે તે ત્યાંના ખેતીવાડી સંબંધી રિપોર્ટો તથા ચોપાનીઆં મેળવી તેના પ્રયોગો પણ અજમાવવા જોઇએ. હિંદુસ્તાનમાં સરકાર મોટા ખરચે ખેતીવાડીના પ્રયોગો માટે ખાતું નિભાવે છે, અને જે કેળવાયલા ઉત્સાહી જનો કંઈ સમજણ માગતા હોય તેને તેની સમજણ પુરી પાડવા પણ તૈયાર

છે. સારાં સારાં બી વગેરે મેંબ્રશ તરીકે પોતાને ખરચે સરકાર મોકલી આપે છે. પાંચ, પચીસ કે પચાસની નોકરી માટે ફાંફાં મારનારાઓને આ વાત ધ્યાનમાં લેવા જેવી છે. નવા ઉદ્યોગો કરવામાં પ્રથમ તો મહેનત ઘણી કરવી પડે છે. પણ પાછળથી સ્વતંત્ર ધંધો કરી મોજ ભોગવવાની મળે છે.

આગળ વધેલા અમેરિકા આદિ દેશોમાં બાગબગીચા બનાવવાને તેને કેળવવા વગેરે ઉપર ઘણીજ સારી રીતે ધ્યાન અપાય છે. રસાયન શાસ્ત્રની રીતો શીખીને તેઓની ખાતરવણીમાં કામે લગાડે છે. અમેરિકાની ભૂમિ ઘણી રસાળ હોવાથી ત્યાંના લોકોએ ખેતીવાડીના ધંધાને ઘણો ખીલવ્યો છે. ફળની પેદાશમાં તો આખી દુનિઆની બજારને જેમ ધારે તેમ તે ફુલાવે છે, એ પ્રતાપ સુધરેલી ખેતીવાડીના છે. રજવાડોની ખીલવણી એ એક નફાકારક ધંધાનું ક્ષેત્ર ખુલ્લું કરી આપે તેમ છે. મોટાં શહેરોમાં ફળ તથા શાકની ખપની વિશેષ હોવાથી તેને વિધીસર પેક કરી મોકલવી આપવાનો સારો વ્યાપાર ચાલે છે. કેળનાં કેળાંને કાચાં હોય ત્યારે સુકવી તે ઉપરની લીલી છાલ દૂર કરી તેનો આટો બની શકે છે. જેને ડબાઓમાં પેક કરી પરદેશ [illegible] વ્યાપાર અમેરિકા અને યુરોપ વગેરે દેશોમાં ચાલે છે [illegible] તેનો આટો રોટલી બનાવીને ખાવાથી [illegible] થઈ જાય છે, [illegible] પુષ્ટીકારક તથા [illegible]

હતાં તેમ કરી શકાય છે. કેળના રેસા કાઢવાનાં નાનાં નાનાં મશીનો કલકત્તા તરફ બંગાળા ઇલાકામાં તથા મદ્રાસ ઇલાકામાં બનાવવામાં આવ્યાં છે. તેમાં જે જાતનાં યંત્રો સારાં તથા સસ્તાં નજરે આવે તે ખરીદવાં. એ મશીનો હજી પણ સસ્તાં અને સગવડ ભર્યાં કેમ થાય તેના ઉપર કેળવાયેલા પુરૂષોએ ધ્યાન આપવાનું છે. કેળના રેસા કાઢ્યા પછી જે કુચા રહે છે તેમાંથી કાગળ બનાવવાનો માવો તૈયાર થાય છે. જો માવો એમનો એમ મોકલાવામાં આવે તો જર્મની વગેરે દેશોમાં તેનો સારા ભાવથી ઉઠાવ થાય તેમ છે. હિંદુસ્તાનમાં કાગળ બનાવવાનાં કારખાનાંઓની ઘણી ખોટ છે અને અરસપરસ ધંધાની સહાયતાના નિયમો લોકો શીખી આગળ પડે તો એક ધંધાની પછવાડે બીજો ધંધો જરૂર ઉભો થાય. કેળનાં ઝાડમાંથી રેસા કાઢતી વખતે જે પાણી નીકળે છે તેના ડાઘ કપડાં પર પડે છે તે કદી પણ જતા નથી, ને ઉપરથી એમ દેખાય છે પાકા—નહિ ખસે એવા રંગો બનાવવામાં એ પાણી ઉપયોગી થવું જોઇએ. લોખંડ પોલાદનો બારીક ભુકો એના પાણીમાં લાંબો વખત ભીંજવી રાખ્યાથી તેમાંથી ઇંડ્યુઅલેક શાહી જેવો પાકા રંગનો પદાર્થ ઉભો થાય છે. જો પરથી બુદ્ધિશાળી પુરૂષો વિશેષ ધ્યાન દઈ તેના પાણીના ઉપયોગીપણાને માટે શોધ કરવા મહેનત લેશે તો તેમાંથી રૂડું પરિણામ આવી શકશે. કેટલેક ઠેકાણે પાકાં કેળાંને પણ સુકવી રાખે છે. કેળાંની ઘણી જાતો છે, અને તેને ઉગાડવાની તથા કેળવવાની રીતો પણ જુદી જુદી છે, જે અનુભવથી ઝટ સમજાઈ જાય છે. કેળાં ખોરાક તરીકે ઘઉંના જેટલુંજ પોષણતત્વ આપે છે. હિંદુસ્તાનના નદી તળાવોને કીનારે પણ પડતર જમીનો ઘણી રહે છે ત્યાં કેળની સસ્તી અને થોડી મહેનત આપનારી ખેતી એ ધંધાનું સારૂં સાધન ખુલ્લું કરી આપે તેમ છે.

મલબારી ઘાસ અને તેનો ઉપયોગ.

મલબારમાં એક જાતનું ગોળ સળીનું ઘાસ થાય છે, જે ચટાઈ સાદડી બનાવવાના ઉપયોગમાં આવે છે. કેટલીક ચટાઇઓ ઘાસની કાંડીઓ સાથે સુતરનો દોરો ગુંથી વણવામાં આવે છે. બીજી જાતની ચટાઇઓ દોરા વગર સાદડીની માફક ગુંથવામાં આવે છે. આ સાદડી ઘણીજ બારીક હોય છે. આ ગુંથણી એવી તો બારીક હોય છે કે જાણે સુતરના દોરાથી કપડુંજ ગુંથેલું હોય તેમ દેખાય છે. એ ઘાસને રંગીને તેમાં જુદા જુદા આકારો પણ પાડે છે. વળી એક ત્રીજી જાતનું ઘાસ એવાજ કામમાં

આવે તેવું થાય છે તેનાં ગુંથણું કામની તો કાપાની મારફ ઘડી વળે છે, અને ઘડી ઉકેલનાં સપાટ કાપડ જેવો દેખાવ આપે છે અને સળ પડતા નથી. આ ઉંચી જાતની ગુંથણીની ચટાઈની એક જોડી કોચીનથી શૉલકર અપર્સના એજન્ટે પારીસના પ્રદર્શનમાં મોકલી હતી અને એક જોડીની કિંમત પાંચસો રૂપીઆ રાખી હતી. એ ચટાઈની કારીગરી-માંથી પ્રદર્શનમાંથી સોનાનો ચાંદ મળ્યો હતો. આ પ્રમાણે ગોળ સળીના ઘાસનો ઉપયોગ વાંસ્ક વર્ગે ઘણામાં લેવા જેવો છે.

લીલી ચાહે અને તેના જુદા જુદા ઉપયોગો.

એ અતિશય ઉપયોગી ઘાસ (લીલી ચાહે) જેનાં પાતરાં પહોળાં થાંભાં તથા લીંબુ જેવી સુવાસવાળાં હોય છે. તેનાં માફલોના વિસ્તાર-વાળાં જંગલો મલબારમાં છે, એ ઘાસ આપોઆપ ઉગી નીકળે છે. આ મુલકમાં કોઇને શરદી થઇ કે આદુ ફુદીના સાથે એ ઘાસનાં પાતરાંનો (લીલી ચાહેનો) ઉકાળો કરીને પીએ છે. એ સિવાય એ ઘાસનો બીજો કશો ઉપયોગ થતો જણાયો નથી. પણ જેનાં અંતરચક્ષુઓ ઉઘાડાં છે તે તો એનો બીજી રીતે ઉપયોગ કરી યથાર્થ મળતા એ ઘાસમાંથી સેંકડો રૂપીઆ કમાય છે. મથીવાના ઉપર એ ઘાસનું તેલ ઉત્તમ ગુણ કરે છે. ઇંગ્રેજીમાં એ લીલી ચાહના (ઘાસના) તેલને "લેમનગ્રાસ ઓઇલ" એ નામ આપેલું છે. મલબાર તથા સીલોનમાં એ ઘાસનાં જંગલો ઘણાં હોવાથી તેનું તેલ [illegible] કારખાના માલિક નરોએ ત્યાં કાઢેલા છે એ તેલ [illegible] રૂપીઆની કિંમતનું થઇ છે. **નીલગીરી** ઉપર સીંકોના [illegible] કુદરતી ઉગે છે. તેમાંથી "કીનાઇન [illegible] એ સરકારની સૂચ-નાથી કાઢ્યું છે.

નર્મંડી [illegible] તેનું [illegible] એક [illegible] [illegible] એક આશ્ચ-[illegible] [illegible]

ભાગ ૩ જો.

ઔદ્યોગિક ખનિજ સંપત્તિ.

દોહરો.—શ્રીકર્તાએ રચી, રચના નવી આધાર;
ખાણ ખનિજ ધાતુ તણી, જનશરણ નિરધાર.

હિંદુસ્તાનમાં જોઇતા ખનિજ પદાર્થો મળી શકે કે નહિ!

હિંદુસ્તાનની વિસ્તીર્ણ ભૂમિમાં દરેક પ્રકારની ધાતુઓ, કોલસાઓ, પથ્થરો, હીરા, મોતી, માણેક આદિ જવેરાત વગેરે પદાર્થો જેટલા જોઇએ તેટલા ભરપૂર છે. યંત્રો અને બીજાં કેટલોક સરસામાન બનાવવા ધારીએ તો તેમાં ઘણું કરીને કોલસા અને લોઢાનો વપરાશ વિશેષ આવશે; અને તે તપાસવા અને કાઢવા દરનો ખપ પહેલો પડે છે, માટે પ્રથમ સોના રૂપાની ખાણો વિષે તપાસ ચલાવીએ.

સોનું અને રૂપું.

